જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ પ્રેસ
પ્રતિનિધિઓ
નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૬-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૮ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વિલંબ યોગ્ય સંકેત નથી, વિવાદિત જમીન પર નહીં પઢવા દઈએ નમાઝ

રામમંદિર: વીએચપીનો હૂંકાર, ભાગલા મંજૂર નથી, પૂરેપૂરી જમીન જોઈએ

હિંદુઓ હવે તાકતવર છે, લાગણી સાથે રમો નહીં, રામ મંદિરમાં વિલંબ ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપની હાર લાવી શકે છે : ઉદ્ધવ ઠાકરે

અયોધ્યા

અયોધ્યામાં ધર્મસભા મળી હતી. વિશ્વ હિન્દુ પરિષદ આ સભામાં સંસદના શિયાળ સત્રમાં રામમંદિર માટે અધ્યાદેશ લાવવાની માંગણી કરશે. સભામાં બે લાખ રામભક્તો અને સંતો સહિતના ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદના દિગ્ગજો જોડાયા છે. સુરક્ષા વ્યવસ્થાને સઘન કરવા માટે ૭૦ હજાર સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા હતા.

ધર્મસભામાં અયોધ્યા પહોંચેલા રામભક્તોનું મુસ્લિમ સમુદાયે ફુલોથી સ્વાગત કર્યું હતું, મુસ્લિમ મંચ સાથે જોડાયેલા લોકોએ ધર્મસભાના માર્ગ પર ફુલો વરસાવ્યાં હતા. રામમંદિર સમર્થક બબલૂ ખાને રામભક્તોનું સ્વાગત કર્યું હતું.

ધર્મસભાને સંબોધિત કરતા વીએચપીના નેતા ચંપત રાયે જણાવ્યું કે, રામમંદિર નિર્માણ માટે સંપૂર્ણ જમીન જોઈએ છે. જમીનના ભાગલા મંજૂર નથી. તેમણે જણાવ્યું હતું કે જમીનના ભાગ પાડવાની કોઈપણ ફોર્મ્યૂલા અમને મંજૂર નથી. ચંપત રાયે જણાવ્યું હતું કે, સુન્ની વક્ફ બોર્ડને જમીનની માલીકી હકનો કેસ પરત ખેંચી લેવો જોઈએ. આપને જણાવી દઈએ કે રામમંદિર મુદ્દે અલ્લાહાબાદ હાઈકોર્ટે તેના નિર્ણયમાં વિવાદિત જમીનને ત્રણ ભાગમાં વહેચી હતી.

અયોધ્યામાં ધર્મસભામાં તેમણે વધુમાં જણાવ્યું કે, વિવાદિત જમીન પર નમાજ નહીં પઢવા દઈએ. તેમણે આ અવસરે જણાવ્યું હતું કે, હિન્દુ વર્ષોથી રાહ જુએ છે કે અહીં રામમંદિર બનશે.

તેમણે જણાવ્યું હતું કે, જ્યારે અર્જુન ન હતો સમજી શકતો તો કૃષ્ણએ મોં ખોલ્યું હતું. આજે એ જ કામ વીએચપી કરી રહી છે. અહીં રામ મંદિર હતુ. અયોધ્યામાં માત્ર રામમંદિર જોઈએ. તેમણે જણાવ્યું હતું કે હિન્દુની ધીરજની પરીક્ષા ન લેવી જોઈએ. આજે માત્ર ૪૮ જિલ્લામાંથી રામભક્તો આવ્યા છે, ભવિષ્યમાં આ ભીડ વધી શકે છે.



શિવપાલ યાદવ :

પ્રગતિશીલ મોરચાના પ્રમુખ શિવપાલ યાદવે કહ્યું કે આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. આવી સ્થિતિમાં કાંતો આપણે રાહ જોવી જોઈએ અથવા તો સામાન્ય સહમતિ બનાવવી જોઈએ. સરકારની પાસે પર્યોપ્ત જગ્યા છે. સરયૂ નદીના કિનારે પણ મંદિર બનાવી શકાય. વિવાદિત જમીન પર મંદિરની કોઈ વાત ન થવી જોઈએ.

મલ્લિકાર્જુન ખડગે :

કોંગ્રેસ નેતા મલ્લિકાઅર્જુન ખડગેએ જણાવ્યું કે, બધા લોકો અયોધ્યામાં ચૂંટણીના કારણે જઈ રહ્યાં છે. ઉદ્ધવ ઠાકરેને ૪ વર્ષ સુધી અયોધ્યા જવા માટે કોઈએ રોક્યો હતો. એક બાજુ તે ભાજપના મિત્ર છે તો બીજી તરફ તે લોકોને કહે છે કે, તે રામ મંદિરનું નિર્માણ ઇચ્છે છે.

ઈકબાલ અંસારી :

અયોધ્યામાં વધી રહેલી ભીડ પર બાબરી મામલાના પક્ષકાર ઈકબાલ અંસારીએ સુરક્ષા વ્યવસ્થા પર સંતુષ્ટિ વ્યક્ત કરી છે અને મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યુ છે કે જો ૧૯૯૨માં આવા પ્રકારની સુરક્ષા હોત તો બાબરી વિધ્વંસની ઘટના બનત જ નહીં.

મહંત પરમહંસ:

રામ મંદિર નિર્માણ માટે આમરણ અનશન કરી ચૂકેલા તપસ્વી છાવણીના સંત સ્વામી પરમહંસ દાસ તેના સમર્થકો સાથે રવિવારે રામજન્મ ભૂમિની વિવાદિત જમીન પર ઈંટો લઈને નીકળી પડ્યા. તેમણે જણાવ્યું કે, ભાજપ આજે VHPને આગળ કરીને ધર્માચાર્યને તોડવાનું કામ કરી રહી છે. મહંત પરમહંસે ચેતાવણી આપી હતી કે, જો ૬ ડિસેમ્બર પહેલા રામ મંદિર નિર્માણનું કાર્ય શરૂ નહીં થાય તો તે આત્મવિલોપન કરી લેશે.

શિવસેના સુપ્રિમોએ પત્ની સાથે ભગવાન રામલલાના દર્શન કર્યા

સરકાર બને કે ના બને મંદિર તો બનીને જ રહેશે: ઉદ્ધવ ઠાકરે

ચૂંટણી વખતે બીજેપી નેતાઓ રામ રામે કરે છે બાદમાં આરામ કરે છે, કાયદો ઘડો અથવા વટહુકમ લાવીને અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરો

અયોધ્યા

ઠાકરેએ આજે સવારે લગભગ અડધો કલાક સુધી ભગવાન રામના બાળસ્વરૂપ રામલલાનાં દર્શન કર્યા હતા. ઉત્તર પ્રદેશના પ્રસિદ્ધ યાત્રાધામ અયોધ્યા નગરમાં ભવ્ય રામ મંદિરના બાંધકામ મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર પર દબાણ વધારીને શિવસેનાનાં પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ આજે કહ્યું છે કે જો નરેન્દ્ર મોદી સરકાર આ વખતે વચનનું પાલન કરવામાં ઢચુપચુ થઈ તો ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એ સત્તા પર આવી નહીં શકે.

રામ મંદિરના બાંધકામ મુદ્દે પોતાની પાર્ટીના વલણ વિશે કેન્દ્ર સરકાર પર દબાણ લાવવા માટે ઠાકરે એમના પત્ની રશ્મી અને પુત્ર આદિત્યની સાથે અયોધ્યાના બે દિવસના પ્રવાસે આવ્યા છે. આજે સવારે એમણે નગરના વિવાદાસ્પદ રામ મંદિર સ્થળે રામલલાનાં દર્શન કર્યા હતા અને ત્યારબાદ પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

ઠાકરેએ કહ્યું કે 'સરકાર બને કે ન બને, મંદિર જરૂર બનવું જોઈએ.' એમણે વધુમાં કહ્યું કે અયોધ્યામાં રામ મંદિરના બાંધકામનો મુદ્દો એકલા ભારતના જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં રહેતા હિન્દુઓની લાગણી સાથે સંકળાયેલો છે એટલે હિન્દુઓની લાગણી સાથે રમત રમવી ન જોઈએ. તેથી આ મંદિર બાંધવામાં હવે વિલંબ થવો ન જોઈએ.



ઠાકરેએ ભારતીય જનતા પાર્ટીને પરોક્ષ રીતે એમ કહ્યું હતું કે કેટલાક લોકો ચૂંટણી વખતે 'રામ-રામ' નારા લગાવે છે અને પછી 'આરામ'માં જતા રહે છે.

ઠાકરેએ એવો સવાલ કર્યો હતો કે, 'ક્યાંક રામ મંદિરનો મામલો પણ દેશના દરેક નાગરિકના ખાતામાં ૧૫-૧૫ લાખ રૂપિયા આપવાના વચન જેવો ભાજપનો 'ચૂંટણી જુમલો' તો નથી ને?' ઠાકરેએ કહ્યું કે જો અયોધ્યામાં રામ મંદિર બાંધવાનો મુદ્દો ન્યાયતંત્ર પર છોડવો હોય તો દર વખતે ચૂંટણી વખતે રામ મંદિરનો મુદ્દો ઉપાડીને લોકોને મૂરખ બનાવવાનું બંધ કરવું જોઈએ. ઠાકરેએ કહ્યું કે અમારી પાર્ટી અયોધ્યામાં ભગવાન રામનું ભવ્ય મંદિર બંધાય એ માટે પ્રતિબદ્ધ છે.

શોપિયામાં અથડામણ: સેનાએ છ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા

ઑપરેશન ઑલઆઉટ : ૭૨ કલાકમાં ૧૨ આતંકીઓ ઠાર

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સેનાએ ૭૨ કલાકમાં ૧૨ આતંકવાદીઓનો ખાત્મો કર્યો છે. શોપિયાં જિલ્લામાં રવિવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ફાયરિંગ થયાની ઘયના બની હતી. કરરાન બાતાગુંડ વિસ્તારમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં છ આતંકવાદી ઠાર મરાયા છે. આ આતંકવાદીઓ સંગઠન લશ્કર-એ-તૈયબા અને હિજબુલ મુજાહિદ્દીનના કમાન્ડરનો સમાવેશ થાય છે. આ દરેક આતંકવાદીઓ ઘરમાં સંતાયા હતા. અથડામણ દરમિયાન એક જવાન પણ ઘાયલ થયાની ખબર મળી રહી છે. અત્યારે અથડામણ ચાલું છે.

સવારે સેનાને આ વિસ્તારમાં આતંકવાદીઓ સંતાયા હોવાની બાતમી મળી હતી. જેનાપગલે ૩૪ આરઆર, સીઆરપીએફ ટૂકડીએ શોપિયાંના તબાગુંડ વિસ્તારમાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સેના જેવી જ આતંકવાદી સંતાયા હતા એ જગ્યાએ ગઈ ત્યાં જ સામેની બાજુથી ફાયરિંગ શરૂ થઈ ગઈ હતી. પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ફાયરિંગમાં એક જવાનને ગોળી વાગી હતી જેને હોસ્પિટલમાં દાખલ કરાયો છે.

શોપિયામાં થયેલી અથડામણમાં જે આતંકવાદીઓ માર્યા ગયા છે એમાં લશ્કરના ડિસ્ટ્રિક કમાન્ડર મુશ્તાક મીર, હિજબુલ ડિસ્ટ્રિક કમાન્ડર અબ્બાસ અલી, હિજબુલ ડેપ્યુટી ચીફ વસીમ વાઘે ઉર્ફે સૈફુઉલ્લાહ, ઉમર મઝીગ ગની, ખાલિદ ફારુક ઉર્ફે તલ્હા અને એક અજ્ઞાત લશ્કરી આતંકવાદીનો સમાવેશ થાય છે.

આતંકવાદીઓ સંતાયા હોવાનીઉ ખબર સાથે શોપિયાંમાં મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસ અસ્થાયી રીતે બંધ કરવામાં આવી છે. જેથી કોઈજ પ્રકારની અફવાહો ફેલાતી રોકી શકાય. બીજી તરફ પંજાબની સીમાવર્તી વિસ્તાર પઠાણકોટ જિલ્લામાં શાદીપુર ગામમાં એક ખેડૂતો ૬ શંકાસ્પદ લોકોને જોવાનો દાવો કર્યો હતો. ત્યારબાદ પોલીસે સર્ચ ઓફરેશન ચલાવ્યું હતું.

રાજસ્થાન કોંગ્રેસે અમિત શાહ વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ કરી

જયપુર

કોંગ્રેસે રાજસ્થાન અર્બન ડેવલેપમેન્ટ અને હાઉસીંગ મંત્રી શ્રીચંદ ક્રિપલાની અને ભાજપનાં ધારાસભ્ય રામહેત યાદવ સામે પણ ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી છે. કોંગ્રેસ રાજસ્થાનમાં ભાજપ પ્રમુખ અમિત શાહ વિરુદ્ધ ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી છે. કોંગ્રેસ એવો આક્ષેપ કર્યો છે કે, અમિત શાહે તેમના પક્ષનાં કાર્યકરોને વિરોધપક્ષનાં કાર્યકરો વિરુદ્ધ ઉશ્કેર્યા હતા. રાજસ્થાનમાં હાલ વિધાનસભા ચૂંટણીનો પ્રચાર ચાલી રહ્યો છે. અમિત શાહે રાજસ્થાનમાં બિકાનેરમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. કોંગ્રેસે રાજસ્થાન અર્બન ડેવલેપમેન્ટ અને હાઉસીંગ મંત્રી શ્રીચંદ ક્રિપલાની અને ભાજપનાં ધારાસભ્ય રામહેત યાદવ સામે પણ ચૂંટણી પંચમાં ફરિયાદ દાખલ કરી છે. કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપનાં રાષ્ટ્રિય અધ્યક્ષ અમિત શાહ, રાજસ્થાન સરકારનાં મંત્રી અને એક ધારાસભ્યએ ચૂંટણી આચારસંહિતાનો ભંગ કર્યો હતો.

રાજસ્થાન ચૂંટણીમાં વડાપ્રધાને આલાપ્યો મંદિર રાગ

રામ મંદિરના નિર્માણના કાર્યમાં કોંગ્રેસ રોડા નાંખી રહી છે : મોદી

અયોધ્યા મામલાની સુનાવણી કરનાર સુપ્રીમ કોર્ટના જજને મહાભિયોગથી કોંગ્રેસ ડરાવે છે-મોદી

અલવર

દેશભરમાં રામ મંદિરના નિર્માણની માગણી જોરશોરથી ઉઠી રહી છે. આ બધા વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલીવાર આ મુદ્દે નિવેદન આપ્યું. રાજસ્થાનના અલવરમાં ચૂંટણી સભા દરમિયાન તેમણે કોંગ્રેસ પર આરોપ લગાવતા કહ્યું કે રામ મંદિર નિર્માણના કાર્યમાં કોંગ્રેસ રોડા નાખી રહી છે. તેમણે કહ્યું કે અયોધ્યા મામલે કોંગ્રેસ ન્યાયિક પ્રક્રિયામાં દખલગિરી કરી રહી છે. અયોધ્યા મામલે કોંગ્રેસના વકીલે કોર્ટમાં સુનાવણી ટાળવાની અપીલ કરી હતી. કોંગ્રેસ ખુબ મોટો ખેલ ખેલી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે સુપ્રીમ કોર્ટના મોટા મોટા વકીલોને કોંગ્રેસ રાજ્યસભામાં મોકલવા લાગી છે. ભાજપ પાસે હજુ રાજ્યસભામાં બહુમત નથી. પરંતુ રાજ્યસભામાં કોંગ્રેસ ગંદો ખેલ ખેલી રહી છે. સુપ્રીમ કોર્ટના વકીલ રામ મંદિર મામલે દબાણ નાખે છે. તેઓ કહે છે કે ૨૦૧૯ સુધી આ કેસ પર ચુકાદો ન આવવા દો. આ પ્રકારે દબાણ સર્જવાનું રાજકારણ રમી રહી છે.

તેમણે કહ્યું કે 'આજે રાજ્યસભાના સભ્ય મોટા વકીલ સુપ્રીમ કોર્ટના ન્યાયાધિશો વિરુદ્ધ મહાભિયોગ લાવીને ડરાવવાની કોશિશ કરે છે. સંવેદનશીલ મુદ્દાઓની સુનાવણી રોકવાનું પાપ કરે છે. આ લોકો દેશની ન્યાયપાલિકાને બંધક બનાવવાની કોશિશ કરે છે. દેશ તેના માટે તેમને ક્યારેય માફ કરશે નહીં. પરંતુ અમે ન્યાયપાલિકાની સ્વતંત્રતા માટે કામ કરીશું. અમે તેમના કાળા મનસૂબાઓને લોકતંત્રના મંદિરમાં ક્યારેય પૂરા થવા દઈશું નહીં.

કોઈ આપે ઓછે ભાવ કે ઓછી મજુરી પણ સૌથી સસ્તું તો આપે એક જ
આર.એ.પરીખ જવેલર્સ બીલીમોરા (પશ્ચિમ)
એન્ટીક, જડતર, કલકત્તી, પ્લેઈન ગોલ્ડ, રોઝ ગોલ્ડ, રીયલ ડાયમંડની અસંખ્ય ડિઝાઈનો
વર્લ્ડ-કલાસ બ્રાંડસ, સંપૂર્ણ પારદર્શિતા
મો. ૯૬૨૪૧૧૧૮૯૯

ચકલાસી પોલીસ ની હદમાં આવેલ ફાર્મહાઉસમાં દારૂની મહેફિલ માણતા નડીયાદ ના ૩૩ યુવાનો ઝડપાયા



ખેડા જીલ્લા પોલીસ અધિક્ષક નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાણવણીના ભાગરૂપે દેશી/વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા તેમજ જીલ્લામાં આવેલ ફાર્મહાઉસ/ ગોડાઉન અવાર નવાર ચેક કરી કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ જણાઈ આવે કાયદેસર કરવા જીલ્લામાં દિવસ તેમજ રાત્રીના સમયે અસરકારક પેટ્રોલીંગ કરવા સુચના કરેલ. જે સુચનાની અમલવારીના ભાગરૂપે આ.પો.કો,૨૧૪૫ પુતઈ.પા.ઈન્સ. એલ.સી.બી.તથા સ્ટાફ સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો. કનકસિંહ નાઓને બાતમી હકિકત મળેલ કે ફતેપુરા ગામની સીમમાં આવેલ જીગરભાઈ ઉપેન્દ્રભાઈ પટેલ રહે. નડીયાદ ના ફાર્મ હાઉસમાં તેઓ તથા તેમના અન્ય મિત્રો વિદેશી દારૂ મંગાવી મિત્રો સાથે દારૂની મહેફિલ માણે છે. જે માહીતી આધારે ઉપરોક્ત એલ.સી.બી.ના પો.માણસો તથા ચકલાસી પો.સ્ટે.ના સ્થાનિક પોલીસ માણસો સાથે જીગરભાઈ ઉપેન્દ્રભાઈ પટેલના ફતેપુરા ગામની સીમમાં સલુણ જવાના રસ્તા ઉપર આવેલ ફાર્મ હાઉસમાં રેઈડ કરતા ફાર્મ હાઉસમાંથી દારૂ પીવાની મહેફિલ માણતા નડીયાદ શહેરના કુલ્લે ૩૩ ઈસમો (૧) ફાર્મહાઉસના માલીક જીગરભાઈ ઉપેન્દ્રભાઈ પટેલ રહે. નડીયાદ નારાયણદેવપાર્ક સોસાયટી, હરીઓમનગર (૨) સંજયકુમાર સુરયકાંતભાઈ પટેલ રહે. ઝગડીયાપોળ, નડીયાદ (૩) દર્શનભાઈ રાજેશભાઈ શાહ રહે. ઝગડીયાપોળ, નડીયાદ (૪) ધર્મેશભાઈ રમણલાલ શાહ રહે. શીખર એપાર્ટમેન્ટ, નડીયાદ (૫) કલ્પેશભાઈ ઘનશ્યામભાઈ પટેલ રહે. શીવમ એપાર્ટમેન્ટ, નડીયાદ (૬) હિતાર્થ રાજેન્દ્રભાઈ પટેલ રહે. મધુપુષ્પ એપાર્ટમેન્ટ, નડીયાદ (૭) સાગર જગદીશભાઈ પટેલ રહે. ઝગડીયાપોળ, નડીયાદ (૮) આતિશ જયદેવભાઈ દેવપુરા રહે. નડીયાદ ફુલબાઈમાતાના મંદિર પાસે, (૯) લવકેશ કનુભાઈ ભોઈ રહે. ભોઈવાસ, નડીયાદ (૧૦) જગદીશભાઈ રમણલાલ શાહ રહે. પાશ્વનગર સોસાયટી, નડીયાદ (૧૧) ધર્મેશભાઈ ઉર્ફે ભયલુ મનુભાઈ પટેલ રહે. અરમાન બંગલો, નડીયાદ (૧૨) રાજ અશોકકુમાર શાહ રહે. વસંતવિહાર સોસાયટી, નડીયાદ (૧૩) રોનકભાઈ નરેન્દ્રભાઈ પટેલ રહે.વસંતવિહાર સોસાયટી, નડીયાદ (૧૪) જયેશભાઈ જશભાઈ પટેલ રહે. કુંજનબંગલો નડીયાદ (૧૫)જલ્પેશ જગદીશભાઈ દેસાઈ રહે. સહયોગ સોસાયટી, નડીયાદ (૧૬) સ્નેહલભાઈ રાજેશભાઈ શાહ રહે.ઝગડીયાપોળ, નડીયાદ (૧૭) વિશાલભાઈ અશોકભાઈ પટેલ રહે. ભગીરથ સોસાયટી નડીયાદ (૧૮)દિપક નરેન્દ્રકુમાર ભટ્ટ રહે. ભગીરથ સોસાયટી નડીયાદ (૧૯) પાર્થ પિયુષભાઈ શાહ રહે. રત્નસાગર સોસાયટી, નડીયાદ. (૨૦) કીર્તન ધર્મેન્દ્રભાઈ જોષી રહે. નડીયાદ નવદિપ બંગલો (૨૧) ચેતનભાઈભરતભાઈ શાહ રહે. ઝગડીયાપોળ, નડીયાદ (૨૨) રિકેન ઉર્ફે રીકી અશોકભાઈ પરીખ રહે. જલસાગર એપાર્ટમેન્ટ, નડીયાદ (૨૩) ધવલકુમાર ઉર્ફે ટીનું રમણભાઈ શાહ રહે. પાશ્વનગર સોસાયટી, નડીયાદ (૨૪) હેમાંગકુમાર રાજેન્દ્રભાઈ ભટ્ટ રહે. ઉતરસંડા (૨૫) ઉદયભાઈ વાઘજીભાઈ દેસાઈ રહે.ઝગડીયાપોળ, નડીયાદ (૨૬) પરેશભાઈ દાનજીભાઈ ડીયા રહે. ઝગડીયાપોળ, નડીયાદ (૨૭) શૌરિનકુમાર સમીરભાઈ પટેલ રહે. ઝગડીયાપોળ, નડીયાદ (૨૮) મૌલિનકુમાર પ્રકાશચંન્દ્ર ઠાકર રહે.સમડી ચકલા નડીયાદ (૨૯) અમીતભાઈ રમેશભાઈ શાહ રહે. વસંતવિહાર સોસાયટી, નડીયાદ (૩૦)સમીર કંચનલાલ શાહ રહે. ઝગડીયા પોળ, નડીયાદ (૩૧) નીરંજનભાઈ હુકમપ્રસાદ બત્રા રહે. પંજાબી સોસાયટી નડીયાદ (૩૨) રિતેશ રમેશચંન્દ્ર ચોકસી રહે. મોદીસાંથ, શેઠપોળ નડીયાદ (૩૩) રૂચિર દેવાભાઈ પટેલ રહે. ઉતરસંડા રેલ્વે સ્ટેશન રોડ નાઓને વિદેશી દારૂની અડધી ભરેલ બોટલ નંગ-૩ કિ.રૂ. ૨૯૦૦/- એક ખાલી બોટલ, એક ખાલી ટીન, પાઈપ સાથેનો હુક્કો કિ.રૂ. ૫૦૦/- ઈલે.સગડી તથા કોલસા કિ.રૂ. ૨૦૦/- ,હુક્કામા ભરવાના ફ્લેવરના બે પેકેટ કિ.રૂ. ૧૦૦/- કાચ તથા પ્લાસ્ટીકના ગ્લાસ કિ.રૂ. ૧૪૦, મોટર સાયકલ તથા ફોરવ્હિલ ગાડી કુલ ૨૧,કિ.૪૫,૦૦,૦૦૦/- મોબાઈલ ફોન નંગ- ૩૦ કિ.રૂ.૩,૧૮,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૪૮,૨૧,૮૪૦/- સાથે ઝડપી પાડી તમામ વિરૂધ્ધ સાથેના પો.કો. કનકસિંહ નાઓએ ચકલાસી પોસ્ટે પ્રોહિબિશન ધારા હેઠળ ફરીયાદ આપેલ છે. આગળની તપાસ માટે કાગળો ચકલાસી પો.સ્ટે. તરફ મોકલી આપેલ છે.

જૂનાગઢમાં મમતા મરી પરવારી : કચરા પેટીમાંથી મળ્યુ નવજાત શિશુ

જૂનાગઢ

શહેરમાં એક એવો કિસ્સો ધ્યાનમાં આવ્યો છે જે જોતા લાગે કે માતાની મમતા પણ જાણે મરી પરવારી છે. કચરા પેટીમાંથી નવજાત શિશુ જીવિત અવસ્થામાં મળી આવ્યું છે. શહેરના ડિસ્ટ્રીક્ટ જજ-DySP બંગલા પાસેથી આ શિશુ મળી આવતા ચકચાર મચી છે.

મળતી માહિતી મુજબ જૂનાગઢમાં કચરા પેટીમાંથી નવજાત શિશુ મળી આવ્યું હતું.ડિસ્ટ્રીકટ જજ અને DySP બંગલા પાસેથી નવજાત બાળક મળી આવ્યું હતું. એડવોકેટ પ્રશાંત વ્યાસ અને DySP કમાન્ડોએ બાળકની સારવાર કરાવી હતી. સવારે તાજા જન્મેલા બાળકને કચરાપેટીમાં ત્યજી દેવાની ઘટનાની તરત પોલીસને જાણ કરાઈ હતી.


બેબીબોય ની હાલત તંદુરસ્ત છે. તેમ છતાં સારવાર કરાઈ હતી. બાળકની સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાઇ. બાળકને કોણે અને કયા કારણસર ત્યજી દીધુ તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરેન્દ્રનગર સબ જેલ નો કથિત વિડિઓ સાચો હોય તો શુ ગુજરાતની જેલો માં આમજ ચાલતું હશે?

સુરેન્દ્રનગરની સબ જેલમાંથી એક કેદીએ વીડિયો લાઈવ કરતા પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. આ કેદીએ જેલના પોલીસ અધિકારીઓની પોલ ખોલી નાંખી હતી. કેદીએ લાઈવ વીડિયો કરીને જેલમાં પોલીસ દ્વારા કેદીઓને પૂરી પાડવામા આવી રહેલી બધી જ સુવિધાઓનો ખુલાસો કરી નાંખ્યો હતો. આ કેદીએ પોતાનું નામ તો જણાવ્યું નહતુ. જોકે કેદીએ કેટલાક ચોકાવનારાઓ ખુલાસાઓ કર્યા હતા. કેદીએ જણાવ્યું કે, પોલીસ અધિકારીઓ દ્વારા કેદીઓને જેલમાં તમ્બાકુ, સિગરેટ, દારૂ વગેરે જેવા નશીલા પ્રદાર્થો કેવી રીતે લાવી આપે છે અને તે દરેક વસ્તુઓના ત્રણ ગણા પૈસા વસૂલવામા આવે છે.

તે ઉપરાંત કેદીએ જણાવ્યું કે, જેલમાં સાદો મોબાઈલ લાવવા હોય તો ૧૦,૦૦૦ રૂપિયા અને એન્ડ્રોઈડ મોબાઈલનો મોબાઈલ લાવવો હોય તો ૧૫૦૦૦ રૂપિયા જેલ ના અધિકારીઓને આપવા પડતા હોય છે. કેદીએ મોબાઈલ દ્વારા લાઈવ વીડિયો કરતાં સુરેન્દ્રનગર સબ જેલના પોલીસ બેડામાં ભાગદોડ મચી ગયા નું જાણવા મળે છે ત્યારે પ્રજા વિચારે છે કે મોટા ગજાના આરોપીઓ ને મળતી સુવિધાઓ ની વાતો સાચી પણ હોઈ શકે જે બાબતે સરકાર અને ગુજરાત ના ડીજીપી જાગ્રત બને તોજ આવનાર ચૂંટણી માં કોંગ્રેસ આ મુદ્દે હોબાળો ન કરી શકે બાકી પગલાં લેનાર જાણે!

ખત્રી સમાજ રાષ્ટ્રીય મહાસભાના ઉપાધ્યક્ષ તરીકે વરણી કરાઈ



લીંબડી :- પંજાબ ના અમૃતસર ખાતે અખિલ ભારતીય ખત્રી મહાસભા નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય ખત્રી સમાજ ના અગ્રણી દિલીપભાઈ વલેરા ની રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.

અખિલ ભારતીય ખત્રી મહાસભા ના અધ્યક્ષ ધનરાજભાઈ ખત્રી ના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ મહાસંમેલન માં મહામંત્રી રાજકુમાર ટંડન, શશીબેન વારડે, નિર્ભયચંદ શેઠ, સુરેશ ખન્ના, સહિત મોટી સંખ્યામાં દેશભર માં થી મોટી સંખ્યામાં ખત્રી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ખત્રી સમાજ સંગઠન ના અગ્રણી દિલીપભાઈ વલેરા ની રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે વરણી થતાં સૌએ આ વરણી ને આવકારી હતી. દિલીપભાઈ વલેરા એ સમગ્ર ખત્રી સમાજ ને વધુ સામાજિક રીતે સંગઠીત થવા અને શૈક્ષણિક અને વિકાશસીલ બનાવવા સમાજસેવા માટે અપીલ કરી હતી.

હળવદ સદભાવના વિધાલયમાં સીઝન ક્રિકેટ એકેડમી નો પ્રારંભ



હળવદ ની યુવા પ્રતિભાને બહાર લાવાના હેતુ થી સદભાવના સ્કૂલમાં સીઝન ક્રિકેટ એકેડમી નો આજ રોજ રવિવાર ના દિવસે પ્રારંભ કરવામાં આવ્યો. ઉભરતા ક્રિકેટરો માં રહેલી પ્રતિભાને બહાર લાવવા માટે અને ક્રિકેટ કૌશલ્ય ખીલવવા માટે હળવદ ખાતે સદભાવના સ્કૂલના સંચાલકો, ટ્રસ્ટીઓના પ્રયાસોથી સીઝન ક્રિકેટ એકેડમી ચાલુ કરવામાં આવી. મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા યુવાનો માં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો આ તકે સ્કૂલના એમ.ડી. ગીરીશભાઈ લકુમ, હળવદના નામાંકિત ક્રિકેટરો સંદીપ પટેલ,સની દલવાડી, દિનેશ દલવાડી, શનિ ઠક્કર, મયુર રાવલ,વિશાલ કણઝરીયા દિવ્યરાજ ઝાલા,મનસુખ પરમાર, ટ્રસ્ટી પી.ટી. કણઝરીયા, શાળાના સંચાલક દિનેશ દલવાડી,ચંદ્રકાન્ત કણઝરીયા,નંદલાલ જામકીયા તથા ખેલાડીઓને કોચિંગ આપતા આચાર્ય પ્રવીણભાઈ કણઝારિયા ખાસ જહેમત ઉઠાવી હતી.

ભુજ એલ.સી.બી.એ ભખરીયાની સીમમાંથી દેશીદારૂ બનાવાની મીની ફેકટરી ઝડપી પાડી



ભુજ કચ્છ: ભુજ શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાં દેશીદારૂ બનાવાની તથા વેંચાણ કરવાની પ્રવૃતિ અટકાવવા માટે આજ રોજ એસ.કે.વાળા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક પશ્ચિમ કચ્છ, ભુજનાઓની સુચનાથી અને એમ.બી.ઔસુરા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજનાઓના તથા એચ.એસ.તિવારી પો.સબ ઈન્સ્પેકટર એલ.સી.બી.,પશ્ચિમ કચ્છ-ભુજનાઓના માર્ગદર્શન હેઠળ ભુજ તાલુકા વિસ્તારમાં દેશીદારૂની બદી અટકાવવા તથા નેસ્ત નાબુદ કરવા સઘન પેટ્રોલીંગ ફરી સફળ કેસો શોધી કાઢી અસરકારક કામગીરી કરવા એલ.સી.બી. પશ્ચિમ કચ્છ ભુજ પોલીસની એક ટીમ ભુજ તાલુકાના માનકુવા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ભખરીયા ગામની દક્ષીણ સીમમાં છેલા વાળા ગારો વિસ્તારમાં આવેલ બે તલાવડીઓમાં (૧)ઈસ્તીયાઝ ઉમર અબડા(૨) ઈસ્માઈલ અભા નાગીયા (૩) અનવર ઉર્ફે અનુડો જાકબ સુમરા ત્રણેય રહે.ભખરીયા તા.ભુજ વાળાઓના કબ્જાની દેશીદારૂ બનાવાની ભઠ્ઠી ઉપર રેઈડ કરતા દેશીદારૂ બનાવાની ભઠ્ઠીએ થી નીચે મુજબનો મુદામાલ મળી આવેલછે. (૧) ૫૦ પ્લાસ્ટીકના કેરબા માંથી તૈયાર દેશીદારૂ લીટર ૧૦૦૦, કિ.રૂા.૨૦,૦૦૦/- (૨) દેશીદારૂ બનાવાનોઆથો લીટર ૩૪૦૦, કિ.રૂા.૬,૮૦૦/- (૩) ૨૦૦ લીટરની ક્ષમતાના પતરાના બેરલો નંગ- ૨૭ કિ.રૂા.૧૩૫૦/- (૪) એલ્યુમીનીયમના ઘમેલા નંગ-૧૦ કિ.રૂા.૧૦૦૦/- (૫) કરણફુલ નંગ-૧૦ કિ.રૂા.૦૦/- એમ કુલ્લે કિ.રૂા.૨૯,૧૫૦/- ના મુદામાલ મળી આવતા માનકુવા પોલીસ સ્ટેશનમાં ઉપરોકત ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ ગુનો રજીસ્ટર કરાવવામાં આવેલ છે. આમ એલ.સી.બી.ની ટીમે દેશીદારૂનો ગણનાપાત્ર કેશ શોધવામાં સફળતા મેળવેલ છે.

સાતમા અમદાવાદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદમાં સાતમા રાષ્ટ્રીય પુસ્તક મેળાનું જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે ખૂલ્લો મૂકતા જણાવ્યું હતું કે, સતત ૬ વર્ષથી આ પુસ્તક મેળાને મળી રહેલી સફળતાએ પૂરવાર કર્યું છે કે, ગુજરાતીઓ ફક્ત લક્ષ્મીના આરાધક જ નહીં પરંતુ સરસ્વતીના ઉપાસક પણ છે તેમ જણાવ્યું છે.

મુખ્ય મંત્રીએ જણાવ્યું કે, રાજયના દરેક ગામ, શાળા અને હોસ્પિટલોમાં પણ પુસ્તક અને પુસ્તકાલય બનવા જોઇએ.

તેમણે કહ્યું કે, પુસ્તકો લોકોની ઇચ્છા, જિજ્ઞાસા, આતુરતા વગેરેની તૃપ્તિ કરી મનનો ખોરાક બને છે. જે ઘરમાં પુસ્તક ન હોય તે ઘર સ્મશાનવત છે.પુસ્તકો વાચકને પ્રેરણા, વિચાર, ઉત્સાહ, ઉમંગ અને દિશા આપતા હોય છે. આજના આધુનિક યુગમાં સારા ગુરૂ મળવા મુશ્કેલ છે ત્યારે પુસ્તકો દ્વારા જ સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્ય મંત્રીએ કહ્યું કે, સારા પુસ્તકો સમાજની સાંસ્કૃતિક પ્રગતિ કરાવે છે, તો વ્યક્તિગત જીવનમાં તે દિશા આપનારું પ્રેરક બળ બની રહે છે.તેમણે વધુમાં જણાવ્યું કે, પહેલાં કોર્પોરેશનો ફક્ત નળ, પાણી, ગટર વ્યવસ્થા જેવી ભૌતિક સુવિધાઓ ઊભી કરતા હતા. પરંતુ આજે લોકોને આત્મિક સુખ અને હૃદયનો આનંદ મળે તેવા પુસ્તક મેળાનું પણ આયોજન કરે છે તે અભિનંદનને પાત્ર છે.તેમણે કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલ વાંચે ગુજરાત અભિયાન દ્વારા લોકોમાં વાંચન ભૂખ જાગી છે. અનેક વિક્રેતાઓ પોતાના પુસ્તકો વેચવા પુસ્તક મેળામાં આવે છે.આવા મેળાથી આબાલવૃદ્ધ સુધી વાંચનનું વાતાવરણ ઊભું થયું છે ત્યારે સાંસ્કૃતિક નગર રચના માટે આવા કાર્યક્રમો ઉપયોગી બનતા હોય છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.પુસ્તકો આપણા જીવનનું ઘડતર કરે છે. મન-વિચારને સ્વસ્થ બનાવે છે, ત્યારે અમદાવાદીઓ પણ તેમની જ્ઞાનસુધાને સંતોષવા મોટી સંખ્યામાં પુસ્તક મેળાની મુલાકાત લે તેવી અપેક્ષા પણ તેમણે આ પ્રસંગે વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ પુસ્તક મેળાના વિવિધ વિભાગોની મુલાકાત લઇ પુસ્તક વિશેને જાણકારી પણ મેળવી હતી.

અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલે જણાવ્યું કે, અમદાવાદનો રાષ્ટ્રીય પુસ્તકમેળો ફક્ત પુસ્તકોના વેચાણને બદલે સાહિત્યનું સરનામું બની ચૂક્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શરૂઆત કરાવેલ આ પુસ્તક મેળો જુદા જુદા સાહત્યકારો સાથે વાચકોના મિલાપનું માધ્યમ બની ચૂક્યો છે.

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજયભાઇ નેહરાએ જણાવ્યું કે, નગરજનો દ્વારા પુસ્તક મેળાને સતત વ્યાપક પ્રતિસાદ અને આવકાર મળી રહ્યો છે. આ પ્રતિસાદના કારણે પુસ્તક મેળો અમદાવાદ ઉપરાંત રાજયના સાહિત્ય રસિકોમાં લોકપ્રિય બન્યો છે.આ પુસ્તક મેળામાં બાળકો માટે અને રાઇટીંગ સ્કીલ માટેના અલગ સેમિનાર હોલ રાખ્યા છે. તો મુખ્ય ઓડિટોરીયમમાં દરરોજ આજે ૭ થી ૧૦ સુધી કવિ-સાહિત્યકારોના વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ પુસ્તક મેળો આગામી તા. ૩૦મી નવેમ્બર, ૨૦૧૮ સુધી યોજાશે. આ પ્રસંગે ધારાસભ્ય બાબુભાઇ જ. પટેલ, બલરામભાઇ થાવાણી, વલ્લભભાઇ કાકડિયા, ડેપ્યુટી મેયર દિનેશ મકવાણા, કોર્પોરેટરો તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રેમ સંબંધ તોડતા પૂર્વ પ્રેમીએ પ્રેમિકાને બદનામ કરવા ખોટી આઈડી બનાવી

સુરત

સુરતના કોસંબા વિસ્તારની એક મહિલાએ સોશિયલ મિડીયાના માધ્યમથી પજવણી કરવાની ફરિયાદ નોંધાવી છે. ઈન્સ્ટાગ્રામ પર આ યુવતીની ખોટી ID બનાવી યુવતીને બદનામ કરવામાં આવતી હતી. આ ઉપરાંત સાથે તેના મિત્રને પણ ગુનાહિત ધમકી આપવામા આવી હતી. જેથી આ યુવતીએ બે યુવકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી . ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સુરતના કોસંબા વિસ્તારમાં રહેતી એક યુવતીએ તેના જ એપાર્ટમેન્ટમાં રહેતા યુવકો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આ યુવકો સોશિયલ મીડિયાના માધ્યમથી તેને હેરાન-પરેશાન કરતા હતા. સાથે સાથે યુવતીને બદનામ કરવા માટે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કર્યો હતો. એટલું જ યુવતીના મિત્રને પણ ગુનાહિત ધમકી આપી હતી.

વધુ મળતી માહિતી પ્રમાણે યુવતીએ પ્રેમી સાથે પ્રેમ સંબંધો તોડતા પૂર્વ પ્રેમીએ તેને બદનામ કરવા માટે આખો કારસો રચ્યો હતો. યુવતીને બદનામ કરવા માટે પૂર્વ પ્રેમીએ ઈન્સ્ટાગ્રામ ઉપર યુવતીની ખોટી આઈડી બનાવીને તેના ફોટા મુક્યા હતા. સાથે સાથે કોમેન્ટમાં અભદ્ર ભાષા અને અભદ્ર વીડિયો પણ અપલોડ કર્યા હતા. આમ સોશિયલ મીડિયાના માધ્યમથી પૂર્વ પ્રેમીએ યુવતી માનસિક ત્રાસ ગુજરાત હતો. આમ યુવતીએ પૂર્વ પ્રેમી મિતેન ગઢ્ઢર અને તેના મિત્ર હાર્દિકસિંહ રાઠોડ સામે પોલીસ ફરિયાદ નોંધાઇ નોંધાવી હતી. જેના પગલે કોસંબા પોલીસે બંને યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવીને તપાસ હાથધરી છે.

પંચમહાલમાં જાનમાં જતી એસટી બસ પલટી, ૫૦ જાનૈયાઓનો આબાદ બચાવ

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના હાલોલ- વડોદરા હાઈવે ઉપર એસટી બસને અકસ્માત નડ્યો હતો. હાલોલ-વડોદરા હાઈવે ઉપર આવેલી નવજીવન હોટલ નજીક એસટી બસ પલટી મારી હતી. જેના પગલે બસના ડ્રાઈવર સહિત અન્ય ૪ મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે બસમાંસવાર આશરે ૫૦ જેટલા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ઈજાગ્રસ્તોને સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે લીમડીના બિલાવાણાઈથી વડોદરા જાન લઈને જતી ઝાલોદ ડેપોની બસને અકસ્માત નડ્યો હતો.

પંચમહાલ જિલ્લામાં લગ્ન પ્રસંગમાં જાનૈયાઓને લઈને જતી એસટી બસ પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. હાલોલ-વડોદરા હાઈવે ઉપર નવજીવન હોટલ નજીક આજે રવિવારે સવારના સમયે એસટી બસ ડ્રાઈવરે સ્ટેયરિંગ ઉપરથી અચાનક કાબુ ગુમાવતા પલટી મારી ગઈ હતી.

અકસ્માતના પગલે એસટી બસ ડ્રાઈવર સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચતા હાલોર રેફરલ હોસ્પિટલ ખસેડાયા હતા. લીંમડીના બિલાવાણીથી વડોદરા જાનમાં જતી ઝાલોદ ડેપોની બસ પલટી મારી ગઈ હતી.

અખંડ ભારત નિર્માણ કરનાર સરદાર પટેલની પ્રતિમા જોવા સરકાર પ્રવાસીઓમાં ભાગલા પાડે છેઃ પ્રવાસીઓ

સ્ટેચ્યુ ઓફ યુનિટી : ૧ હજારની એક્સ. એન્ટ્રી શરુ કરાતા પ્રવાસીઓમાં રોષ

કેવડિયા

કેવડિયા સ્થિત ઓફ યુનિટી જોવા માટે ૧ હજાર રૂપિયાની એક્સપ્રેસ એન્ટ્રી શરૂ કરાઇ છે. જોકે તેની સામે પ્રવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રવાસીઓનું કહેવુ છે કે, અખંડ ભારત નિર્માણ કરનાર સરદાર પટેલની પ્રતિમા જોવા માટે સરકાર પ્રવાસીઓમાં ભાગલા પાડે છે. બીજી તરફ એક્સપ્રેસ ટિકિટ ખરીદીને સ્ટેચ્યુ જોવા માટેની સંખ્યા નહિવત જોવા મળી રહી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના લૂકાર્પણ બાદ ટિકિટને લઈને વિવાદ ચાલતો આવ્યો છે. સરકારે ૫૦૦ રૂપિયા શરૂઆતમાં ટિકિટ રાખવામાં આવી હતી. ત્યારબાદ સ્ટેચ્યુના જોવુ હોય તો, ટેન્ટ સિટી પર જવું હોય તો, એકલો નર્મદા ડેમ જોવો હોય તો આવા અનેક પ્રશ્ન ઉભા થતા આવ્યા હતા. જેને લઈને સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક સમિતિ દ્વારા ૩૦ રૂપિયા બસ, ૧૨૦ રૂપિયા એન્ટ્રી અને ૩૫૦ રૂપિયામાં સ્ટેચ્યુ, નર્મદા ડેમ અને ફ્લાવર ફ વેલી, રિવરબેડ પાવર હાઉસ માટે ફી નક્કી કરી હતી. જોકે હવે એક્સપ્રેસ એન્ટ્રી શરૂ થતાં નવો વિવાદ ઉભો થયો છે. એક્સપ્રેસ એન્ટ્રી માટે ૧ હજાર રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જેને લઈને પણ પ્રવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે. ૧૭ નવેમ્બરથી એક્સપ્રેસ એન્ટ્રીની શરૂઆત થઈ હતી. પહેલા દિવસે માત્ર ૯૫ પ્રવાસીઓએ આ એક્સપ્રેસ એન્ટ્રીની ૧ હજાર રૂપિયાવાળી ટિકિટ લીધી હતી, જોકે એ દિવસે કુલ પ્રવાસીઓ ૧૧,૬૨૧ હતા. આમ માત્ર ૧ ટકા પ્રવાસીઓએ પણ આ ટિકિટ લેવામાં સંમતિ દર્શાવી નહોતી. આજે ૮ દિવસમાં માત્ર ૧૭૪૯ પ્રવાસીઓએ એક્સપ્રેસ એન્ટ્રી લીધી છે. આમ એક્સપ્રેસ એન્ટ્રીથી પ્રવાસીઓ નારાજ થઈ રહ્યા છે. પ્રવાસીઓ કહે છે કે, અલગ-અલગ એન્ટ્રીથી સરકાર ભેદભાવ ઉભો કરે છે.

પોલીસે ૧ વ્યક્તિની ધરપકડ કરી

ટ્રકમાં ફેવિકોલના ડ્રમમાં છુપાવેલો ૨૨ લાખથી વધુનો દારુ ઝડપાયો

શામળાજી

અરવલ્લીમાં દારૂ ઝડપવાનો સિલસિલો યથાવત રહ્યો છે. શામળાજીમાંથી રૂ.૨૨.૬૪ લાખનો દારૂ ઝડપાયો છે. ટ્રકમાં ફેવિકોલના ડ્રમમાં છુપાવીને દારૂ લવાતો હતો. જેમાં પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે.

ઉલ્લેખનિય છે કે ગઈકાલે પણ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના જાલોદર પાસેથી ગાંધીનગર આરઆરસેલની ટીમે ટેક્કરમાં છુપાવી લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી બે બુટલેગરોની ધરપકડ કરી હતી. અરવલ્લી જિલ્લો સરહદી જિલ્લો છે. ત્યારે રાજસ્થાન તરફથી ગુજરાતમાં વિદેશી દારૂ ગુસાડવા માટે બુટલેગરો અરવલ્લી સરહદને યોગ્ય માને છે. ત્યારે રાત્રીના રોજ ગાંધીનગર આરઆરસેલની ટીમ તપાસમાં હતી.

રાજસ્થાન વાયા માલપુર થઈ મોડાસા જવાના માર્ગે એક ટેક્કરમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ગુજરાત માં આવી રહ્યો હોવાની બાતમી આધારે આરારસેલની ટીમ દ્વારા માલપુર રોડ પર વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતુ. જેમાં જાલોદર પાસે આવતી એક ટેક્કરને રોકી તપાસ હાથ ધરતા ટેક્કરના અંદરના ભાગમાં અલગ અલગ જાતની ૨૫ લાખથી વધુની કિંમતનો ૭૦૯ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ સાથે દારૂની ટેક્કરમાં ખેપ મારતા બે આરોપીઓને પણ પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસ તંત્ર દ્વારા ગાંધીના ગુજરાતમાં દારૂબંધીની માત્ર વાતો કરવામાં આવે છે. ત્યારે બુટલેગરો અવનવા કિમીયા અપનાવી ગુજરાતમાં દારૂ ગુસાડવાના પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે સ્થાનિક પોલીસ તંત્રએ આ બાબતે સજાગ થવાની જરૂર છે.

બનાસકાંઠામાં ઉલટીગંગાઃ શુભેચ્છકોએ સાંસદને પૈસા આપીને પાઠવી શુભેચ્છા

ડીસા

બનાસકાંઠાના ડીસા ખાતે યોજાયેલા શુભેચ્છા કાર્યક્રમમાં ઉલટીગંગા જેવો ઘાટ જોવા મળ્યો હતો. શુભેચ્છા કાર્યક્રમ પહોંચેલા સાંસદને લોકોએ પૈસા આપીને શુભેચ્છા પાઠવી હતી. સામાન્ય રીતે કોઈ નેતા લોકોને પૈસા આપીને શુભેચ્છા પાઠવતા હોય છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે બનાસકાંઠાના ડીસામાં પાટણના સાંસદ લીલાધર વાઘેલાનો શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ઠાકોર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તબિયત નાદુરસ્ત હોવા છતાં પણ આજે રવિવારે પાટણના સાંસદ લીલાધર વાઘેલા લોકો વચ્ચે પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં શુભેચ્છકોએ સાંસદ લીલાધર વાઘેલાને પૈસા આપીને શુભેચ્છા પાઠવી હતી. આ દ્રશ્ય કેમેરામાં કેદ થયા હતા. લીલાધર વાઘેલાના કાર્યક્રમને લઈને રાજકીય ગરમાવો થયો છે. લીલાધર વાઘેલા ડીસાથી ચાર વખત ધારાસભ્ય રહી ચુક્યા છે. આ અગાઉ તેઓ બનાસકાંઠાથી લોકસભા ચૂંટણી લડવાની તૈયારી બતાવી ચુક્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી : સી પ્લેન માટે કેવડિયા ખાતે સરદાર સરોવર ડેમમાં બનશે વૉટર એરોડ્રામ

ગાંધીનગર

નર્મદા ડેમ ખાતે વોટર એરોડ્રામ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં વડોદરા એરપોર્ટના ડાયરેક્ટર ચરણસિંહની મેન્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. રાજય સરકારના ટૂરિઝમ વિભાગના સચિવ એસ.જે.હૈદર મુજબ રાજયમાં અન્ય ચાર જગ્યાએ પણ વોટર એરોડ્રામ બનાવવા આયોજન છે. આ યોજનાથી વિવિધ સ્થળોની કનેક્ટિવિટી અને ટુરિઝમને પ્રોત્સાહન મળશે.

'સી પ્લેન' વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. સુરત ખાતે તાજેતરમાં તાપી નદીમાં આ અંગે શક્યતા ચકાસવામાં આવી હતી. રાજય સરકાર દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓનો ધસારો જોઇ રાજપીપળા ખાતે રનવે અને એરપોર્ટ માટે તાજેતરમાં જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે હવે સરદાર સરોવર ડેમમાં 'સી પ્લેન' કનેક્ટિવિટી માટે ત્વરિત કાર્યવાહી કરવા આદેશ થાય છે. રાજય સરકાર મુજબ પ્લેન પાણીમાં ઉતરે કે, ટેક ઓફ કરે તે માટે નજીકમાં એરોડ્રામ જરૂરી હોય છે. સરદાર સરોવર પાસે ક્યાં આ સ્થળ યોગ્ય છે, તે અંગે પ્રી - ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરી વડોદરા એરપોર્ટ ડાયરેક્ટરે આપવાનો રહેશે.

રાજય સરકારના ટૂરિઝમ વિભાગના સચિવ મુજબ રાજયમાં ચાર સ્થળ આઇડેન્ટિફાય થયા છે.

સુરતનો 'દૂધ ચોર', દૂધની થેલીઓની ઉઠાંતરી કરતો સીસીટીવીમાં ઝડપાયો

સુરત

તાજેતરમાં સોશિયલ મીડિયા ઉપર સુરતનો એક વીડિયો ભારે વાયરલ થઈ રહ્યો છે. જેમાં ચોર કોઇ કિંમતી વસ્તુ નહીં પરંતુ રોજબરોજના જીવનમાં ઉપયોગી એવી વસ્તુની ચોરી કરતો હતો. આ ચોરને હિરા મોતી કે સોના ચાંદી ચોરવામાં રસ નથી પરંતુ આ ચોરને વહેલી સવારે દૂધની થેલીઓ ચોરવામાં રસ છે. દૂધ ચોરની કરતૂત સ્થળ ઉપર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગત સુરતના વરાછા વિસ્તારમાં મોપેટ ઉપર દૂધીની ચોરી થવાની ઘટના સામે આવી હતી. આ ઘટના ગત ૧૮ નવેમ્બરની હોવાનું જાણવા મળ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં દેખાય છે તેમ સુમસામ રોડ ઉપર એક મોપેડ ચાલક આવીને પાર્ક કરી ઊભો રહે છે. દૂધ ચોરીના ઇરાદે આવેલો આ ચોર પહેલા આજુબાજુની સ્થિતિનું અવલોકન કરે છે. દૂધ જ્યાં રાખ્યું છે ત્યાં પણ તપાસ કરે છે. ત્યારબાદ દૂધથી થોડે દૂર મુકેલા પોતાના મોપેડને દૂધની જગ્યાએ લાવે છે. ત્યારબાદ એકપછી એક અનેક થેલીઓની ઉઠાંતરી કરે છે. દૂધની થેલીઓની ઉઠાંતરી કર્યાબાદ દૂધ ચોર ત્યાંથી મોપેડ લઈને ફરાર થઈ જાય છે. જોકે દૂધ ચોરની સમગ્ર કરતૂત સ્થળ નીજક લગાવેલા સીસીટીવીમાં કેદ થઈ જાય છે. જોકે, આ ઘટના અંગે હજી સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળ્યું નથી.





દિલ્હીમાં ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીરના ત્રણ આતંકી ઝડપાયા

ન્યુ દિલ્હી

દિલ્હીમાંથી ત્રણ આતંકીઓની ધરપકડ કરવામાં આવી છે. આ આતંકીઓ ઈસ્લામિક સ્ટેટ ઓપ જમ્મુ એન્ડ કાશ્મીર (ISJK)ના હોવાનું માનવામાં આવે છે. તેમની પાસેથી પોલીસે હથિયારો અને હેન્ડ ગ્રેન્ડ પણ મળી આવ્યા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મંગળવારના દિલ્હી પોલીસે બે આતંકીઓ ઘૂસ્યા હોવાની માહિતી પ્રાપ્ત થી હતી, સાથે જ પોલીસે આ આતંકીઓની તસવીર પણ જાહેર કરી હતી. જો કે ઝડપાયેલા આતંકીઓ એ જ છે કે કેમ તેની હજુ સુથી ખાતરી થઈ શકી નથી. પોલીસે આ મામલે વિસ્તૃત વિશ્લેષણની રાહ જોઈ રહી છે.

આતંકીઓ દિલ્હીમાં કોઈ મોટી ઘટનાને અંજામ આપાવના ઈરાદે ઘૂસ્યા હતા. એલર્ટ બાદ પોલીસે ગેસ્ટ હાઉસ, હોટેલ્સ સહિત અનેક વિસ્તારોમાં સંદિગ્ધોની તપાસ હાથ ધરી હતી. પોલીસની રડારમાં દિલ્હીના એવા કેટલાક વિસ્તારો હતા જયાં વિદેશીઓની સતત અવર જવર રહેતી હોય.

મંગળવારે દિલ્હી પોલીસે એડવાઈઝરી જાહેર કરીને સંદિગ્ધ આતંકીઓની તસવીરો જાહેર કરી હતી. પોલીસે લોકોને અપીલ કરી હતી કે આ બન્ને આતંકીઓ શહેરમાં જોવા મળે તો તાત્કાલિક પોલીસ સ્ટેશન ફોન કરી આ અંગે માહિતી આપવી. બન્ને સંદિગ્ધોના ફોટો શહેરમાં ઠેર-ઠેર લગાવવામાં આવ્યા હતા. પોલીસે તસવીર જાહેર કરી હતી તેમાં બે સંદિગ્ધ આતંકીઓ એક માઈલસ્ટોન પાસે ઊભા હોવાનું જોવા મળે છે જેમાં દિલ્હી ૩૬૦ કિ.મી લખ્યું હતું. ફિરોઝપુર ૯ કિ.મી લખેલુ પણ જણાતું હતું.

વડાપ્રધાને ૫૦મી વખત મન-કી-બાત કરી

ભારતનો મૂળ પ્રાણ રાજકારણ નથી પરંતુ સમાજનીતિ છેઃ મોદી

યુવાનો પાસે આઈડિયાની ભરમાર, તેઓ મલ્ટીટાસ્કિંગનું કૌશલ ધરાવે છે

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે મન કી બાત કાર્યક્રમનો ૫૦મો એપિસોડ સંબોધિત કર્યો હતો. તેમાં તેમણે પોતાના વ્યક્તિગત અનુભવો શેર કર્યા હતા. પીએમે એક જૂના પ્રસંગને યાદ કરતા કહ્યું કે, આ ૧૯૯૮ની વાત છે, હું ભારતીય જનતા પાર્ટીના સંગઠનનો સક્રિય કાર્યકર્તાના રૂપમાં જ્યારે હિમાચલમાં કામ કરતો હતો. મેં મહિના હતો અને હું સાંજના સમયે ફરતો ફરતો કોઈ સ્થળે જઈ રહ્યો હતો. હિમાચલ પ્રદેશની પહાડીઓમાં સાંજના સમયે ખુબ જ ઠંડી પડે છે. હું રસ્તામાં એક ઢાબા પર ચા પીવા માટે રોકાયા હતો, જ્યારે મેં ત્યાં ચાનો ઓર્ડર કર્યો હતો ત્યારે તે ઢાબા ખુબ જ નાનો હતો, એક વ્યક્તિ ચા બનાવતો હતો, વેચતો હતો. ઉપર કપડું પણ નહોતું. તે રસ્તા પર ચા બનાવતો હતો. તે દુકાનદાર પાસે એક કાચનું વાસણ હતું, તેમાંથી તેને લાડું કાઢ્યો, અને પહેલા બોલ્યો કે, સાહબ, ચા બાદમાં, લાડૂ ખાવ, મોં મીઠું કરો.

વડાપ્રધાને તે પ્રસંગને યાદ કરતા વધુમાં કહ્યું કે, હું તેનાથી આશ્ચર્યચકિત થઈ ગયો અને મેં તેને પુછ્યું કે, શું વાત છે ભાઈ ઘરમાં કોઈ લગ્ન પ્રસંગ છે કે શું. તેને કહ્યું ના-ના સાહેબ. તમને ખબર નથી કે શું? આજે ખુબ ખુશીની વાત છે તે એવો ઉછળી રહ્યો હતો, એવા ઉમંગથી ભરેલો હતો, તેનું આ રૂપ જોઈને મેં કહ્યું, ભાઈ વાત શું છે. તેને કહ્યું- ભારતે બોમ્બ ફોડી નાખ્યો છે. મેં કહ્યું ભારતે બોમ્બ ફોડી નાખ્યો છે? હું કંઈ સમજ્યો નહીં. તેને કહ્યું- જોવો સાહબ, રેડિયો સાંભળો. તો તે વખતે રેડિયો પર તેની ચર્ચા ચાલી રહી હતી, અને ત્યારથી મારા મનમાં એક વાત ઘર કરી ગઈ કે રેડિયો જન-જન સાથે જોડાયેલું સાધન છે અને રેડિયો જ સૌથી મોટી તાકાત છે.

વડાપ્રધાને કહ્યું- જ્યારે મન કી બાત શરૂ કરી હતી, ત્યારે મેં નક્કી કર્યું હતું કે, આ કાર્યક્રમમાં ન તો રાજનીતિ હોય, કે ન તો તેમાં સરકારની વાહ-વાહી હોય. ના ક્યાય મોદી હોય અને મારા આ સંકલ્પને નિભાવવા માટે સૌથી મોટા પ્લેટફોર્મ પર મને પ્રેરણા મળી હતી. મોદી આવશે અને ચાલ્યા જશે પરંતુ આ દેશ અટલ રહેશે, અમારી સંસ્કૃતિ અમર રહેશે. ૧૩૦ કરોડ દેશવાસીઓની નાની નાની કહાનીઓ હંમેશાં જીવિત રહેશે. નવી પ્રેરણાઓ અને ઉત્સાહ સાથે દેશ નવી ઉંચાઈઓ પર જશે.

વડાપ્રધાને કહ્યું કે, ક્યારેક ક્યારેક મન કી બાત કાર્યક્રમની મઝાક પણ ઉડે છે પરંતુ મારા મનમાં હંમેશાં ૧૩૦ કરોડ દેશવાસીઓ વસેલા છે. તેમનું મન મારું મન છે. મન કી બાત સરકારી વાત નથી. આ સમાજની વાત છે. મન કી બાત મહત્વકાંક્ષી ભારતની વાત છે. તેમણે મન કી બાત કાર્યક્રમની મઝાક પર વાત કરતા કહ્યું હતું કે, મારા આ કાર્યક્રમની ઘણી મઝાક ઉડે છે. ઘણા લોકો મારા અવાજમાં આખે આખી મન કી બાત કાર્યક્રમને રજૂ કરે છે. આવી મિમિક્રી કરનાર લોકોના સ્કીલને હું ખરેખર સાચા દિલથી બિરદાવું છું.

મન કી બાતમાં લોકોને સંબોધિત કરતા વડાપ્રધાને કહ્યું કે, ભારતનું મૂળ પ્રાણ રાજનીતિ નથી. ભારતનું મૂળ-પ્રાણ રાજશક્તિ પણ નથી. ભારતનું મૂળ પ્રાણ સમાજનીતિ છે અને સમાજ શક્તિ છે. રાજનીતિમાં બધુ થઇ જાય તે સ્વસ્થ સમાજ માટે એક સારી વ્યવસ્થા નથી. ક્યારેક ક્યારેક રાજનૈતિક ઘટનાઓ અને રાજનૈતિક લોકો એટલા હાવી થઈ જાય છે કે સમાજની અન્ય પ્રતિભાઓ અને પુરુષાર્થ દબાઇ જાય છે.

મોદીએ જણાવ્યું કે, અલગ-અલગ કાર્યક્રમોમાં સોશિયલ મીડિયાના માધ્યમથી યુવાનો સાથે વાર્તાલાપ કરવાનો સતત મારો પ્રયાસ રહે છે. તેની પાસે હંમેશા આડિયાની ભરમાર હોય છે. તે વધુ એનર્જેટિક, ઈનોવેટિવ અને ફોક્સ્ડ હોય છે. મન કી બાતના માધ્યમથી હું યુવાનોની વાતો તેના આઈડિયાને વધુને વધુ શેર કરવાની કોશિશ કરૂ છું. મોટાભાગે એ ફરિયાદ રહે છે કે, યુવાનો ખૂબ જ સવાલ કરે છે. જો કે તે સારૂ છે કારણ કે તે સંશોધન કરવા ઇચ્છે છે. કેટલાક લોકો કહે છે કે યુવા પાસે ધૈર્ય નથી. જો કે હું કહું છું કે તેની પાસે બરબાદ કરવા માટે સમય નથી. કેટલાક લોકો કહે છે કે, યુવાનો એક જ સમયમાં બહુ બધું કરવાની જિદ્દ કરે છે. હું કહું છું કે તેઓ મલ્ટીટાસ્કિંગનું કૌશલ ધરાવે છે.

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં બનશે ૨૨૧ મીટર ઉંચી ભગવાન રામની મૂર્તિ

લખનઉ

ઉત્તર પ્રદેશમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અહીં એમની કેબિનેટ બેઠક યોજી હતી જેમાં ભગવાન રામની કાંસ્યની અને સૌથી વિરાટ પ્રતિમાના નિર્માણ મુદ્દે પ્રાથમિક ચર્ચા કરવામાં આવી હતી. રામની આ પ્રતિમા અયોધ્યામાં સરયૂ નદીના કિનારે ઈન્સ્ટોલ કરવાની આદિત્યનાથ સરકારે જાહેરાત કરી છે.

તસવીર અનુસાર, રામની મૂર્તિ ૨૨૧ મીટર ઊંચી હશે, જેમાં ૫૦ મીટર પાયાનો ભાગ હશે. ભગવાન રામના હાથમાં તીર અને કામઠું બતાવાશે અને એમની પીઠ પાછળ તીરોનો ભાથો હશે. અત્યારે વિશ્વમાં સૌથી ઊંચી મૂર્તિ સરદાર પટેલની 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' થઈ છે. એની ઊંચાઈ ૧૮૨ મીટર છે. આ મૂર્તિનું હાલમાં જ ગુજરાતના નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે નર્મદા નદીના કાંઠે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હવે ઉત્તર પ્રદેશ સરકારની જાહેરાત બાદ વિશ્વમાં સૌથી ઊંચી મૂર્તિ તરીકે ભગવાન રામની મૂર્તિ સરદાર પટેલની મૂર્તિનું સ્થાન લેશે.

૫૦ મીટરના બેઝ ભાગમાં, એક મ્યુઝિયમ હશે જેમાં રામાયણ સાથે સંકળાયેલી ચીજવસ્તુઓ પ્રદર્શનાર્થે મૂકવામાં આવશે.

મ્યુઝિયમમાં અયોધ્યા નગરનો ઈતિહાસ પણ દર્શાવવામાં આવશે. એમાં એક વિભાગમાં, ભગવાન વિષ્ણુના ૧૦ અવતારની ઝાંખી પણ રજૂ કરવામાં આવશે. રામની પ્રતિમાનું નિર્માણ ૧૦૦ એકરની જમીન પર કરવામાં આવશે. આ મહત્ત્વાકાંક્ષી યોજનાના ભાગરૂપે સરયૂ રીવરફ્રન્ટ પણ ડેવલપ કરવામાં આવશે.

ભગવાન રામની મૂર્તિને ઈન્સ્ટોલ કરવા માટે કાયદો ઘડવો પડશે અને એ વિશે ભવિષ્યમાં ચર્ચા કરવામાં આવશે, એવું આદિત્યનાથે અગાઉ કહ્યું છે. અયોધ્યાની જનતાની લાગણીને સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં આવશે. હિન્દુ સંતો અને સાધુ સંતો આ યોજનાને ટેકો આપી રહ્યા છે.

ઈડીના દરોડા બાદ ચોંકાવનારો ઘટસ્ફોટ

ટીડીપીના સાંસદની કંપનીએ બેંકોને લગાવ્યો ૫૭૦૦ કરોડનો ચૂનો

ન્યુ દિલ્હી

બેંકોને નવડાવવામાં ઉદ્યોગપતિઓની સાથે રાજકારણીઓ પણ પાછળ નથી. તેલુગુ દેશમ પાર્ટીના રાજ્ય સભા સાંસદ વાય એસ ચૌધરીના નિવાસ સ્થાન અને ઓફીસ પર એફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ જે દસ્તાવેજ હાથ લાગ્યા છે તેમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે.

ચૌધરી અને તેમના સાથીદારોની કંપનીઓએ બેંકોને ૫૭૦૦ કરોડનો ચૂનો લગાવ્યો હોવાનુ બહાર આવ્યુ છે.ચૌધરી આ પહેલા એનડીએ સરકારમાં મંત્રી રહી ચુક્યા છે.ચૌધરીના સુજાના ગ્રુપ દ્વારા બેંકો સાથે છેતરપિંડીના મામલામાં ઈડી દ્વારા હૈદ્રાબાદ અને દિલ્હીમાં આઠ સ્થળોએ દરોડો પાડવામાં આવ્યા હતા.

આ પહેલા ઓક્ટોબર મહિનામાં પણ ઈડીએ પાડેલા દરોડામાં અલગ અલગ શેલ કંપનીઓના ૧૨૬ રબર સ્ટેમ્પ કબ્જે કરવામાં આવ્યા હતા.

ત્રણ બેંકોએ ચૌધરીની કંપની સામે ૩૬૪ કરોડની લોન નહી ચુકવવા બદલ ફરિયાદ કરી ત્યારે આ કંપની તપાસ એજન્સીઓના રડાર પર આવી હતી.ચૌધરીની કંપની બીસીઈપીએલ ચૌધરીની માલિકીના એક મકાનમાંથી ચાલતી હતી.

ઈડી દ્વારા ગઈકાલે પાડવામાં આવેલા દરોડામાં ફરારી, રેન્જ રોવર, મર્સિડિઝ જેવી છ વૈભવી કારો જપ્ત કરવામાં આવી છે.દસ્તાવેજોથી સાબિત થઈ રહ્યુ છે કે બોગસ કંપનીઓ થકી ચૌધરી અને તેમના સાથીદારોએ કાળુ નાણુ સફેદ કરવાની સ્કીમ ચલાવી હતી.

જોકે ચૌધરીએ કહ્યુ હતું કે આ કંપનીઓ સાથે મારે કોઈ લેવા દેવા નથી.સુજાના ગ્રુપમાં હું કોઈ હોદ્દા પર છું નહી.ઈડીએ જપ્ત કરેલી કારો સાથે પણ મારે લેવા તેવા નથી.મારી માત્ર એક ટકાની પ્રતિકાત્મક ભાગીદારી છે.

દેશની પ્રમુખ સંસ્થાઓ વિશ્વસનીયતાઓના પડકારનો સામનો કરી રહી છે

સત્તા માટે જાતિ અને ધર્મનો ઉપયોગ કરવાથી સમાજમાં નફરત ઉભી થઈઃ સિંઘ

ન્યુ દિલ્હી

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે જણાવ્યું હતું કે, સત્તા પ્રાપ્ત કરવા માટે ધર્મ અને જાતિના ઉપયોગને કારણે સમાજમાં નફરત અને વિભાજનનું વાતાવરણ ઉતપન્ન થઈ શકે છે. તેમણે જણાવ્યું કે, ધર્મ અને જાતિના ઉપયોગ કરાનારા લોકોનો મુકાબલો કરવા માટે સારા લોકોને એક સાથે આવવાની જરૂરત છે. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે જણાવ્યું હતું કે, સાંપ્રદાયિક ધ્રુવીકરણના પ્રયાસોથી ભય, ચિંતા અને અનિશ્ચિતાનો માહોલ બની શકે છે.

મનમોહન સિંહે જણાવ્યું હતું કે, શાંતિ અને સૌમ્યતા માટે સંસ્થાઓ, ન્યાયપાલિકા, કાર્યપાલિક અને વિધાનસભામાં ધર્મ નિરપેક્ષતા જરૂરી છે. એક સમારોહમાં વક્તવ્ય આપતા જણાવ્યું કે, દેશની પ્રમુખ સંસ્થાઓ વિશ્વસનીયતાઓના પડકારનો સામનો કરી રહી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશમાં સારી રીતે કામ કરનારી સંસ્થાઓ વગર રાષ્ટ્ર નાકામ થઈ જાય છે.

પૂર્વ વડાપ્રધાને જણાવ્યું કે, શાંતિ સ્થાપવા માટે દેશની વિવિધ સંસ્થાઓ એક આવશ્યક શરત છે આ સિવાય તેમનું નિષ્પક્ષ હોવું પણ જરૂરી છે અને આ સંસ્થાઓએ સમાજના બધા જ વર્ગો માટે કામ કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, દુર્ભાગ્યથી રાજકીય પાર્ટીઓ દ્વારા પોતાના રાજકીય હિતોને આગળ વધારવા માટે અને સત્તા પ્રાપ્ત કરવા માટે ધર્મ અને જાતિના ઉપયોગને કારણે સમાજમાં નફરતનો માહોલ બની શકે છે.

તેમણે ગુરૂનાનક, રવિન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી, સર મોહમ્મદ ઇકબાલનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ તમામ એક એવો દેશ ઇચ્છતા હતા કે, જે સાંપ્રદાયિક અશાંતિથી મુક્ત હોય અને લોકોમાં તેમની જાતિ, રંગ અને ધર્મને આધારે કોઇ વિભાજન નહોય. મનમોહન સિંહે જણાવ્યું કે, આટલું યાદ રાખવું જોઇએ કે, ભારત એક બહુ-સાંસ્કૃતિક, બહુ-વંશીય, બહુભાષી દેશ છે. જોકે કેટલાક બળો આ વિવિધતાનો લાભ ઉઠાવી રહ્યા છે અને દેશની એકતામાં ભંગ પડાઇ રહ્યા છે.

પેટ્રોલિયમ કંપનીઓ દેશભરમાં ૬૫૦૦૦ નવા પેટ્રોલપંપના લાઈસન્સ આપશે

ન્યુ દિલ્હી

દેશની પેટ્રોલ કંપનીઓએ પહેલી વખત દેશભરમાં નવા પેટ્રોલપંપના ૬૫૦૦૦ લાઈસન્સ આપવાનુ નક્કી કર્યુ છે.આ માટે કંપનીઓએ અરજીઓ મંગાવી છે. જે રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ છે તે રાજ્યોમાં પાછળથી જાહેરાત થશે. આ ૬૫૦૦૦ લાઈસન્સ આપ્યા બાદ ત્રણ વર્ષમાં પેટ્રોલ પંપ ખુલશે.

એક અંદાજ એવો છે કે આ નવા પેટ્રોલ પંપ ખુલવાના કારણે પાંચ લાખ લોકો માટે રોજગારીની નવી તકો ઉભી થશે. એક ડેટા પ્રમાણે હાલમાં ભારતમાં ૬૨૫૮૫ પેટ્રોલ પંપ છે. જેમાં ૬૦૦૦ પેટ્રોલ પંપ પ્રાઈવેટ કંપનીઓના છે.બીજી તરફ દેશમાં ફ્યુલની માંગમાં વધારો થઈ રહ્યો છે.ચાર વર્ષથી ઓઈલ કંપનીઓને વિસ્તરણ માટે મંજૂરી મળી નથી.

પેટ્રોલ પંપ ખોલવા માટે સ્ટેટ કે નેશનલ હાઈવે પર ૧૨૦૦ થી ૧૬૦૦ સ્કેવર મીટર અથવા શહેરમાં ૮૦૦ સ્કવેર મીટર જમીન હોવી જરુરી છે.જમીન પોતાની કે લીઝ પર હોવી જોઈએ.એપ્લાય કરનારની વય ૨૧ થી ૬૦ વર્ષની હોવી જોઈએ.

સિક્યુરિટી ડિપોઝીટ પેટે કંપનીઓ ૨૫ લાખ રુપિયા લેતી હોય છે.આ સીવાય બીજા ખર્ચા પણ પેટ્રોલ પંપ માલિકે કરવા પડતા હોય છે.આમ એક પેટ્રોલ પંપ પાછળ એકાદ કરોડનુ ઈન્વેસ્ટમેન્ટ થાય છે. જોકે હવે સરકારે નવા નિયમો બનાવી પેટ્રોલ પંપનુ લાઈસન્સ મેળવવાનુ આસાન બનાવ્યુ છે.જેમ કે તમારી પાસે જમીન ના હોય તો પણ તમે લાઈસન્સ માંગી શકો છે.

અમૃતસર ગ્રેનેડ હુમલો : પોલીસે બીજા આરોપીની ધરપકડ કરી

ચંડીગઢ

પંજાબ પોલીસ અમૃતસર ગ્રેનેડ હુમલાના બીજા આરોપીની ધરપકડ કરી છે. જેને ૧ ડિસેમ્બર સુધી પોલીસ રિમાન્ડ પર રાખવામાં આવશે.

પંજાબ પોલીસે શનિવારે એક વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસ અનુસાર, આ વ્યક્તિ અમૃતસરના નિરંકારી ભવનમાં થયેલા હુમલાનો આરોપી છે. હુમલો ગયા રવિવારે થયો હતો અને જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. ચંદીગઢમાં પત્રકારો સાથે વાત કરતા ડીજીપી સુરેશ અરોડાએ જણાવ્યુ કે આરોપી અવતાર સિંહ પાસેથી ૩૨ બોરની પિસ્ટલ, એક યુએસ મેડ પિસ્ટલ, ચાર મેગજીન અને ૨૫ લાઈવ કાર્ટેજ જપ્ત કર્યા છે. અવતાર સિંહની લોપોકે પોલીસ સ્ટેશનના અંડર આવનાર ખ્યાલા ગામમાંથી ધરપકડ કરી છે.

કર્ણાટકના પૂર્વ મંત્રી અને પ્રખ્યાત અભિનેતા અંબરીશનું નિધન, રાજ્યમાં ૨ દિવસનો શોક

બેંગ્લુરુ

કન્નડ અભિનેતા અને નેતા અંબરીશનું હૃદયરોગના કારણે નિધન થયું છે. ૬૬ વર્ષીય અંબરીશને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને શનિવારે રાત્રે એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું. અધિકારીઓના જણાવ્યાનુસાર અંબરીશને રાત્રે ૯ કલાકે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં જ તેમને હાર્ટ એટેક આવતાં તેમનું મોત થયું અને રાત્રે ૧૦ કલાકે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા.

અંબરીશ ત્રણવાર લોકસભાના સભ્ય રહ્યા હતા તેમજ રાજ્યના પૂર્વ મંત્રી હતા. તેમના પરીવારમાં તેમની પત્ની અને અભિનેત્રી સુમાલતા અને પુત્ર અભિષેક છે. તેમનો જન્મ ૨૯ મે ૧૯૫૨માં થયો હતો. તેઓ વિદ્રોહી સ્ટાર તરીકે લોકપ્રિય હતા. તેમણે ચાર દાયકામાં ૨૦૦થી વધારે ફિલ્મોમાં કામ કર્યું હતું. અભિનેતા અને પૂર્વ મંત્રીના નિધનના સમાચાર જાહેર થયાની સાથે જ મુખ્યમંત્રી એચ ડી કુમારસ્વામી સહિતના અનેક નેતાઓ હોસ્પિટલ પહોંચ્યા હતા.

મુખ્યમંત્રીએ આ તકે દુઃખની લાગણી વ્યક્ત કરી અને રાજ્યમાં ૨ દિવસના શોકની ઘોષણા કરી હતી. તેમના અંતિમ સંસ્કાર રાજકિય સમ્માન સાથે કરવામાં આવશે. અંબરીશના નિધન પર સુપરસ્ટાર રજનીકાંતે પણ ટ્વિટ કરી દુખ વ્યક્ત કર્યું હતું.

ઈન્ડોનેશિયા વિમાન અકસ્માતઃ ભારતીય પાયલટના મૃતદેહની થઈ ઓળખ

જાકાર્તા

ઈન્ડોનેશિયાના જકાર્તામાં ગયા મહિને સર્જાયેલા વિમાન અકસ્માતમાં જીવ ગુમાવનાર ભારતીય પાયલટ ભવ્ય સુનેજાના મૃતદેહની ઓળખ કરી લેવામાં આવી છે. વિદેશી મંત્રી સુષ્મા સ્વરાજે ટ્વીટ કરી તેની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે ઈન્ડોનેશિયન અધિકારીઓએ કેપ્ટન ભવ્ય સુનેજાના મૃતદેહની ઓળખ કરવાની પુષ્ટિ કરી દીધી છે. જકાર્તામાં ભારતીય રાજદૂતની હાજરીમાં તેમના પરિવારના મૃતદેહને સોંપાશે.

૨૯મી ઓક્ટોબરના રોજ ઈન્ડોનેશિયાના જકાર્તાથી પાંકલ પિનાંગ શહેર જઈ રહેલ લૉયન એરનું વિમાન ઉડાન ભર્યાની ૧૩ મિનિટ બાદ દરિયામાં ક્રેશ થઈ ગયું હતું. તેમાં તમામ ૧૮૯ લોકોના મોત થયા બતા. તેમાં ત્રણ બાળકો સહિત ૧૮૧ પેસેન્જર, બે પાયલટ અને છ અન્ય ક્રૂ મેમ્બર્સ હતા. વિમાન સંપર્ક તૂટનાર જગ્યાથી લગભગ બે નોટિકલ માઈલ (૩.૭ કિલોમીટર)ના અંતર પર કારાગાંવની ખાડીમાં ક્રેશ થયું હતું.

માતા બાદ વડાપ્રધાનના પિતા પર કોંગી નેતાનો હુમલો

કોઈ મોદીના પિતાનું નામ પણ જાણતુ નથીઃ કોંગ્રેસના નેતા

જયપુર

કોંગ્રેસના નેતા રાજ બબ્બરે તાજેતરમાં ઈન્દૌરની જાહેરસભામાં ગગડતા રૂપિયાની તુલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતા હીરાબા સાથે કર્યા બાદ હવે વધુ એક કોંગ્રેસી નેતાએ મોદીના પિતાને સંબોધીને નિવેદન કરતા બળતામાં ઘી હોમ્યું છે.

ભાજપે ટ્વીટર પર એક વીડિયો શેર કર્યો છે જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના નેતા વિલાસરાવ મુત્તેમવારે મોદી તેમજ તેમના પિતા પર સીધો હુમલો કર્યો હતો. રાજસ્થાનમાં ચૂંટણી જાહેર સભાના સંબોધતા મુત્તેમવારે મોદીના પિતાની તુલના કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના કુળ સાથે કરી હતી.

વીડિયોમાં કેન્દ્રીય મંત્રી એવું જણાવી રહ્યા હતા કે, 'તમે (મોદી) વડાપ્રધાન બન્યા તે અગાઉ તમને કોણ ઓળખતું હતું? આજે પણ તમનારા પિતાનું નામ કોણ જાણે છે. જ્યારે રાહુલ ગાંધીના પિતા – રાજીવ ગાંધીનું નામ બધા જ જઆમે છે. રાજીવ ગાંધીના માતા ઈન્દિરા ગાંધીને પણ સૌ સારી રીતે ઓળખે છે. બધાને ખબર છે કે ઈન્દિરા ગાંધી જવાહરલાલ નેહરુના પુત્રી હતા. તેમજ જવાહરલાલ નેહરુના પિતા મોતિલાલ નેહરુ હતા તે પણ બધાને ખબર છે. આમ ગાંધી પરિવારની પાંચ પેઢીને બધા ઓળખે છે જ્યારે નરેન્દ્ર, તેમના પિતાનું નામ પણ કોઈને ખબર નથી. અને તે હિસાબ માંગી રહ્યા છે.'

અગાઉ રાજ બબ્બરના નિવેદનને ટાંકીને પીએમ મોદીએ કોંગ્રેસ પર વળતો પ્રહાર કર્યો હતો અને વિપક્ષ તેમનો સામનો કરવાથી ડરી રહ્યો હોવાથી તે મારી માતાને ગાળો આપે છે. મોદીએ ગાંધી પરિવાર પર આક્ષેપ કરતા જણાવ્યું કે હવે કોંગ્રેસ પાસે કોઈ મુદ્દા રહ્યા નથી એટલા વ્યક્તિગત ટિપ્પણી કરી રહ્યા છે. મોદીએ કહ્યું કે મારા માતા પૂજા પાઠ કરે છે અને ભગવાનનું નામ લે છે તેમની ઉંમર ૯૭ વર્ષની છે.

કેરળમાં બાળકીએ શાળામાં પ્લે દરમ્યાન અઝાન આપતા મુસ્લિમ સંગઠનોનો વિરોધ

કોઝિકોડ

કેરળના કોઝિકોડ જિલ્લામાં એક બાળકી દ્વારા શાળામાં પ્લે દરમિયાન અઝાન આપવાને કારણે મુસ્લિમ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું છે. પરંપરાગત રીતે ઇસ્લામમાં અઝાન કોઇ પુરુષ દ્વારા આપવામાં આવે છે. પદર્શનકારીઓએ જણાવ્યું હતું કે, શાળામાં જે લે ભજવાયો હતો. તેમાં મુસ્લિમ જીવનશૈલીનું આપમાન કરાયું છે.

હકીકતમાં બુધવારે મેમુંડા ઉચ્ચ માધ્યમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ આર ઉન્ની દ્વારા લખાયેલી કથા પર વાડકારામાં ડિસ્ટ્રિક્ટ સ્કૂલ ઓફ આર્ટના એક ફેસ્ટિલમાં પ્લે પર પરફોર્મ કર્યું હતું. પ્લેમાં અઝાન દેનારી એક મુસ્લિમ બાળકી પણ તેના પિતાની જેમ અઝાન આપવાની ઇચ્છા રાખે છે. પહેલાતો તેના પિતા ઇનકાર કરે છે પરંતુ બાદમાં તેઓ માની જાય છે અને બાળકીને અઝાન આપવાની પરવાનગી આપી દે છે.

સોશિયલ ડેમોક્રેટીક પાર્ટી ઓફ ઇન્ડિયા (એસડીપીઆઇ)ના સભ્યોએ કાર્યક્રમની સ્થળની બહાર શનિવારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થાનિક એસડીપીઆઇના નેતા સલીમ પી અઝીયુરે જણાવ્યું હતું કે, આ પ્લેને સામાજીક ટીકા ગણવામાં આવી શકે નહી. આ ઇસ્લામિક શૈલીનું અપમાન કરે છે. આ મામલે અમે શિક્ષા વિભાગના નાયબ નિર્દેશકની પાસે પણ ફરીયાદ દાખલ કરી છે.

સલીમે જણાવ્યું કે, મેમુંડા શાળાને સીપીએમ દ્વારા મેનેજ કરવામાં આવે છે અને પ્લે દ્વારા પાર્ટીના એજન્ડા સ્પષ્ટથઇ જાય છે. આ પ્લેને કારણે મુસ્લિમ સમુદાય વિશે ખોટો સંદેશ જાય છે. ત્યાંજ શાળાના એક શિક્ષક પી કે શ્રીધરને જણાવ્યું હતું કે, પ્લે માં લિંગભેદને લઇને મુદ્દાઓ ઉભા કરાયા છે. મને સમજાતું નથી કે, લોકો પ્લેનો કેમ વિરોધ કરી રહ્યા છે. થિએટર હંમેશા સંવેદનશીલ ધાર્મિક મુદ્દો પર પ્રશ્નો ઉભા કરે છે.

પ્રવાસીઓના મુદ્દે અમેરિકાના ટ્રમ્પ પડ્યા ફૂણા

કાયદાકીય પ્રક્રિયા પૂરી થવા સુધી પ્રવાસીઓ મેક્સિકોમા રાહ જુએ : ટ્રમ્પ

વૉશિંગ્ટન

પ્રવાસીઓને શરણ આપવાના મુદ્દા પર અમેરિકાના મોટા રાજકીય મુદ્દામાંથી એક છે. તેના પર વારંવાર અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકાની આસપાસના દેશોમાંથી પ્રતિક્રિયાઓ આવતી રહે છે. આ પ્રતિક્રિયાઓ કયારેક પ્રવાસીઓના સમર્થનમાં હોય છે તો કયારેક તેના વિરોધમાં હોય છે.

પ્રવાસીઓને શરણ આપવાના આ 'હા-ના'ની રમતની વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તરફથી નિવેદન આવ્યું છે કે દક્ષિણી સરહદથી અમેરિકામાં શરણ માંગનાર પ્રવાસીઓને કાયદાકીય પ્રક્રિયાઓ પૂરી થવા સુધી મેક્સિકોમાં રાહ જોવી પડશે.

રિપોર્ટ પ્રમાણે પ્રેસિડન્ટ ટ્રમ્પે શનિવારના રોજ એક ટ્વીટ કરી તેમાં તેમણે લખ્યું કે દક્ષિણ સરહદ પર પ્રવાસીઓને અમેરિકામાં પ્રવેશ માટે ત્યાં સુધી મંજૂરી નહીં મળે જ્યાં સુધી કોર્ટમાં તેની કાયદાકીય પ્રક્રિયાઓ પૂરી થઇ ના જાય.

ટ્રમ્પે ટ્વીટમાં એ પણ લખ્યું હતું કે કાયદાકીય પ્રક્રિયા પૂરી થવા સુધી મેક્સિકોમાં રાહ જોવી પડશે. ઉલ્લેખનીય છે કે પ્રેસિડન્ટ ટ્રમ્પની આ ટ્વીટ વોશિંગ્ટન પોસ્ટના એ રિપોર્ટમાં પ્રકાશિત થયા બાદ આવી છે, જેમાં લખ્યું હતું કે મેક્સિકો સરકાર અમેરિકન પ્રવાસ નીતિ માટે ટ્રમ્પ સરકારની યોજનાને સમર્થન આપવા માટે સહમત છે.

એનએસજીના ડીઆઈજી ગોવિંદ સિંહનો ખુલાસો

તને છોડી દેવામાં આવે તો શું કરે? અજમલ કસાબે કહ્યુ હતું કે માતા પિતાની સેવા

મુંબઈ

મુંબઈ પરના આતંકવાદી હુમલાને આવતીકાલે ૧૦ વર્ષ થશે. આ આતંકવાદી હુમલાના જખમ હજી તાજા જ છે. હુમલામાં જીવતા પકડાયેલા એક માત્ર આતંકવાદી અજમલ કસાબને ૨૦૧૨માં ફાંસી અપાઈ હતી. જોકે એ પહેલા સુરક્ષા એજન્સીઓએ કસાબની ઘણી પૂછપરછ કરી હતી. પૂછપરછ કરનારામાં એનએસજીના ડીઆઈજી ગોવિંદ સિંહ સિસોદીયા પણ હતા.

હાલમાં નિવૃત્ત સિસોદીયાએ એક અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યુ છે કે કસાબ પાસેથી વધારે માહિતી મેળવવા માટે તેને કમ્ફર્ટ ઝોનમાં લઈ જવો જરુરી હતો. આથી મેં તેની સાથે તેની માતૃભાષા પંજાબીમાં વાતચીત શરુ કરી હતી. જ્યારે મેં તેને તેના માતા પિતા અંગે પૂછ્યુ ત્યારે તે ભાવુક થઈ ગયો હતો.

સિસોદીયાનુ કહેવુ છે કે મારા સવાલો આતંકવાદી હુમલા સાથે જોડાયેલા હતા. જેમ કે તેણે ક્યાં ટ્રેનિંગ લીધી, તેનુ લક્ષ્ય શું હતુ...મેં જ્યારે પંજાબીમાં વાતચીત શરુ કરી ત્યારે તે વધારે સહજ બન્યો હતો. મેં તેને પૂછ્યુ હતુ કે તને જો છોડી દેવામાં આવે તો તુ શું કરીશ.. ત્યારે તેણે કહ્યુ હતુ કે હું પાછો જઈને માતા પિતાની સેવા કરીશ.આ એક જ એવો મોકો હતો જ્યારે તેણે પોતાનુ ભાવનાત્મક સ્વરુપ છતુ કર્યુ હતુ.

ઉલ્લેખનીય છેકે મુંબઈ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા.આ હુમલાના ખલનાયક કસાબને યરવડા જેલમાં ફાંસી અપાઈ હતી.

પાકિસ્તાન ફરી મુંબઈ જેવા આતંકવાદી હુમલાના પ્રયાસમાં : મુંબઈ પોલીસ કમિશ્નર

મુંબઈ

મુંબઈને ઈસ્લામિક સ્ટેટથી વધારે પાકિસ્તાનના આતંકી હુમલાથી સાવધ રહેવાની જરુર છે તેવુ મુંબઈ પલીસ કમિશ્નર સુબોધ જયસ્વાલનુ માનવુ છે.

મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલાને ૧૦ વર્ષ પુરા થઈ રહ્યા છે ત્યારે એક અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાન હજી પણ આ પ્રકારનો આતંકવાદી હુમલો કરવાના ભરપૂર પ્રયાસો કરી રહ્યુ છે.

દેશની ઈન્ટેલિજન્સ એજન્સીઓમાં પણ કામ કરી ચુકેલા જયસ્વાલે કહ્યુ હતુ કે આતંકવાદી હુમલાના ૧૦ વર્ષ બાદ મુંબઈ પોલીસે વ્યવસ્થા, હથિયારો, આતંકવાદી હુમલાને ખાળવા માટેની ડ્રિલ તમામ પાસાઓ પર કામ કર્યુ છે.ગુપ્તચર એજન્સીઓ સાથે માહિતી શેર કરવાની વ્યવસ્થા પણ સુધરી છે.પહેલા કરતા આજે મુંબઈ પોલીસ વધારે સક્ષ્મ છે.

તેમના કહેવા પ્રમાણે પાકિસ્તાની સરકાર લશ્કરે તોઈબા અને જૈશ એ મહોમ્મદ જેવા સંગઠનો થકી ભારત પર ગમે ત્યારે આતંકી હુમલા કરાવવાની ફિરાકમાં રહેતી હોય છે. જોકે મુંબઈ પોલીસ કોઈ પણ સ્થિતિનો સામનો કરવા હવે વધારે સારી રીતે તૈયાર છે.ક્વિક રિએક્સન ટીમને વધારે સારી રીતે તાલીમ અપાઈ છે. કારણકે આતંકવાદી હુમલામાં ત્વરિત પ્રતિક્રિયા બહુ જરુરી હોય છે.

ઉલ્લેખનીય છે કે કસાબ સહિતના આતંકવાદીઓએ ૨૬ નવેમ્બરે આતંકવાદી હુમલો કર્યો તે બાદ મુંબઈ પોલીસની નબળાઈઓ સામે આવી હતી.જાણકારીના અભાવથી માંડીને આધુનિક હથિયારોની કમી ઉડીને આંખે વળગી હતી.

ઉત્તરાખંડ એરપોર્ટ હવે અટલ બિહારી વાજપેયીના નામે ઓળખાશે

દહેરાદૂન

ઉત્તરાખંડ સરકારે શનિવારે દહેરાદૂન એરપોર્ટનું નામ બદલીને પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના નામ રાખવાના નિર્ણય પર મોહર મારી દીધી છે. મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં દહેરાદૂનના એરપોર્ટનું નામ બદલીને વાજપેયીના નામ પર રાખવાના પ્રસ્તાવ સ્વીકારાયો છે. સરકારના પ્રવક્તા મદન કૌશિકે જણાવ્યું કે મંત્રીમંડળે ફરિયાદોનું નિરાકરણ અને સમયબદ્ધ સેવા માટેના ઉદ્દેશ્યને સાર્વજનિક સેવાઓ હેતુ ઉત્તરાખંડ રાજ્ય એજન્સીના ગઠનના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી. મંત્રીમંડળે કુલ ૨૭ પ્રસ્તાવોને પસાર કર્યા છે. જેમાં રાજ્ય વિધાનસભાના ત્રણ દિવસીય શિયાળુ સત્રને ચાર ડિસેમ્બરે બોલાવવાનો પ્રસ્તાવ પણ સામેલ છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી જાફર શરીફનું ૮૫ વર્ષની વયે નિધન

બેંગ્લુરુ

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી સી કે જાફર શરીફનું ૮૫ વર્ષે નિધન થઇ ગયું છે. તેમણે રવિવારે બેંગલુરની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, શરીફ શુક્રવારે નમાઝ પઢવા માટે જઈ રહ્યા હતા ત્યારે કારમાં પ્રવેશ કરતી વખતે તેઓ ઢળી પડ્યા હતા. તેમને બેંગલુરુના ફોર્ટીસ હોસ્પિટલના આઇસીયુમાં દાખલ કરાયા હતા. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસ પાર્ટી માટે એક દુઃ ખદ દિવસ છે. કર્ણાટકના અમારા વરિષ્ઠ અને સમ્માનિત સભ્ય, શ્રી જાફર શરિફ જી આજે આપણી વચ્ચે રહ્યા નથી. આ કપરા સમયમાં મારી સાહનુભૂતિ તેમના પરિવાર અને ફેન્સ સાથે છે. કર્ણાટકના કોંગ્રેસ અધ્યક્ષ દીનેશ રાવે શરીફના મૃત્યું અંગે શોક વ્યક્ત કર્યો છે તેમણે ટ્વીટ કરીને લખ્યું હતું કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓમાંના એક અને સૌથી સફળ રેલવે મંત્રી તેમજ કર્ણાટકના પુત્ર શ્રી સીકે ઝફર શરીફનું નિધન થઇ ગયું છે. રાષ્ટ્રીય નેતા જેમણે તમામ સમુદાયો સાથે સાચી રીતે જોડાયેલા હતા, તેઓ એક સાચા ધર્મનિરપેક્ષ નેતા હતા. નોંધનીય છે કે, હાલમાંજ કેન્દ્રીય મંત્રી અંબરીશનું મૃત્યું થયું હતું. તેમના મૃત્યું પર કર્ણાટકના સીએમ એચડી કુમારસ્વામીએ રાજ્યમાં ત્રણ દિવસનો શોક ઘોષિત કર્યો હતો. અંબરીશની મૃત્યું હાર્ટ એટેકને કારણે થયું હતું.

જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે ૩૦ લાખ નવી રોજગારીની તકો ઉભી થવાની શક્યતા

ન્યુ દિલ્હી

આગામી સમયમાં જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રમાં ૩૦ લાખ નવી રોજગારીની તકો ઉભી થઈ શકે છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના અધ્યક્ષે આ મામલે માહિતી આપી છે. તેમણે જણાવ્યું છે ૨૦૨૫ સુધીમાં ભારતના સોનાના દાગીનાની નિકાસ ૧૮ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. ત્યારે આ ઉદ્યોગમાં ૩૦ લાખ નવી નોકરીઓ ઉભી થવાની શક્યતાઓ રહેલી છે. વર્તમાન સમયમાં ભારત વિશ્વનો સૌથી મોટો ગોલ્ડ જ્વેલરી નિકાસકાર છે. ૨૦૧૭ માં દેશમાંથી ૯ અબજ ડોલરના સોનાની ઘરેણાં નિકાસ કરવામાં આવી હતી. આ સાથે જ આ ઉદ્યોગમાં ૫૦ લાખ લોકોને સીધી રોજગારી મળેલી છે. ઇન્ડિયા ગોલ્ડ એન્ડ જ્વેલરી સમિટ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. સમિટમાં હાજર વાણિજ્ય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી સુરેશ પ્રભુએ જણાવ્યું હતું કે, જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગો દેશના અર્થતંત્રમાં ફાળો આપતા મુખ્ય ઉદ્યોગોમાંનું એક છે. તેમણે જણાવ્યું હતું કે, દેશમાં સોનાની જેટલી આયાત કરવામાં આવે છે તેમાંથી માત્ર ૧૦ ટકાની જ્વેલરી તરીકે નિકાસ કરવામાં આવે છે કારણ કે દેશમાં સોનાની માંગ ઘણી છે. તેમણે એમ પણ કહ્યું કે જીજેઇપીસીને અન્ય દેશો સાથે ભાગીદારી કરવાની જરૂર છે. કારણ કે, આ વ્યવસાય દેશને આર્થિક રીતે મજબૂત કરશે અને રોજગારીની તકો પ્રદાન કરશે. સોના પર કસ્ટમ ડ્યુટી ઘટાડવા માટેની માંગ અગ્રવાલે જણાવ્યું હતું કે, તેઓ આ સેક્ટરમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને વધારવામાં આવે અને સોના પર આયાત ડ્યૂટીમાં ૪ ટકાનો ઘટાડો કરવામાં આવે. આથી જ્વેલરીના ઉત્પાદન અને મૂલ્યના વધારાના સોનાના દાગીનાના ખર્ચમાં ઘટાડો થશે અને નિકાસને પ્રોત્સાહન મળશે.





ઓસી.ના ૬/૧૬૪ના જવાબમાં ભારતે ૪/૧૬૮ રન બનાવ્યા

ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી ટવેન્ટીમાં ભારતનો છ વિકેટે વિજય : સિરીઝ ૧-૧થી બરાબર



કૃણાલ પંડ્યાએ ૪ વિકેટ ઝડપી તો વિરાટ કોહલીએ અણનમ ૪૧ બોલમાં ૬૧ રનની વિજયી ઈનિંગ્સ રમી હતી

સિડની

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી ત્રણ ટી-૨૦ મેચની શ્રેણીની અંતિમ મેચ સિડનીના SCG ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહી છે. ત્રીજી ટી-૨૦માં યજમાન ટીમ ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૬ વિકેટના નુકશાને ૧૬૪ રન બનાવ્યા હતા અને ભારતીય ટીમને ૧૬૫ રનની ટાર્ગેટ આપ્યો હતો. ઓસ્ટ્રેલિયા દ્વારા અપાયેલા ૧૬૫ રનના ટાર્ગેટ સામે ભારતીય ટીમે અત્યારસુધીમાં ૪ વિકેટના નુકશાને ૧૪૯ રન બનાવી લીધા છે. ઓપનર બેટ્સમેન રોહિત શર્મા ૨૩ રન, શિખર ધવન ૪૧ રન, કે એલ રાહુલ ૪૧ રન બનાવી આઉટ થયા હતા. જો કે રિષભ પંત પાસે ઘણી આશાઓ હતી પરંતુ તે વગર ખાતુ ખોલ્યા વિના આઉટ થયો હતો. કેપ્ટન વિરાટ કોહલીએ અણનમ ૪૧ બોલમાં ૬૧ રનની ઈનિંગ્સ રમી હતી અને દિનેશ કાર્તિકે પણ અણનમ ૨૨ રન ફટકાર્યા હતા.

આ પહેલા ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા યજમાન ટીમે ૧૬૫ રન બનાવ્યા હતા. કેપ્ટન એરોન ફિન્ચ ૨૮ રન, ડાર્સી શોટ ૩૩ રન, મેક્સવેલ ૧૩ રન બનાવી આઉટ થયા હતા. જ્યારે ભારતીય ટીમ તરફથી સ્પિન બોલર કૃણાલ પંડ્યા ૪ અને કુલદીપ યાદવે ૧ વિકેટ ઝડપી હતી.

વિરાટ કોહલીની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમના પ્લેઈંગ ઈલેવનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી, જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમમાં ઝડપી બોલર મિચેલ સ્ટાર્કનો સમાવેશ કરવામાં આવ્યો હતા.

મહિલા વર્લ્ડ ટી૨૦ : ઈંગ્લેન્ડને હરાવીને ઓસ્ટ્રેલિયા બની ચોથીવાર ચેમ્પિયન

ગાર્ડનરને તેના ઓલરાઉન્ડર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવી જ્યારે વિકેટકીપર બેસ્ટમેન એલિસાને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ પસંદ કરવામાં આવી

જમૈકા

સ્પિનરોની ફિરકી બાદ બેસ્ટમેનો દ્વારા કરવામાં આવેલા ઉમદા પ્રદર્શનને કારણે ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં ઈંગ્લેન્ડને આઠ વિકેટે હરાવીને ચોથી વાર મહિલા વિશ્વ ટી-૨૦ કપ જીતી લીધો છે. સતત પાંચમી વાર ફાઈનલમાં રમી રહેલી ઓસ્ટ્રેલીયાએ ઓફ સ્પિનર એશલેગ ગાર્ડનર (૨૨ રન ત્રણ વિકેટ) અને લેગ સ્પિનર જાર્જિયા વૈયરહેમે ૧૧ રનમાં ૨ વિકેટ લઈને ઈંગ્લેન્ડને ૧૯.૪ ઓવરમાં ૧૦૫ રનમાં જ ઓલઆઉટ કરી દીધી હતી. મહત્વનું છે,કે ઈંગ્લેન્ડની મહિલા ટીમે ૨૦૦૯માં પહેલી સીઝનમાં જ વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયન મહિલા ટીમે ૨૦૧૨ અને ૨૦૧૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડનું ચેમ્પિયન બનવાનું સપનું તોડી દીધું હતું. અને હવે ૨૦૧૮માં ફરી એક વાર ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડનું સપનું તોડી દીધું છે

ફાસ્ટ બોલર મેગન શુટે પણ ૧૩ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાએ તેનો જવાબમાં ૪૪ રન સુધીમાં ઓપનિંગ બેસ્ટમેન એલિસા હીલી(૨૨) અને બેથ મૂની(૧૪)ની વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ ગાર્ડનર(નોટઆઉટ ૩૩) અને કેપ્ટન મેગ લેનિંગ (નોટ આઉટ ૨૮)ની વચ્ચે ત્રીજા વિકેટ માટે ૬૨ રનની ભાગીદારીની મદદથી ૧૫.૧ ઓવરમાં જ ટીમે ૧૦૬ રન બનાવી લીધા હતા.

ગાર્ડનરને તેના ઓલરાઉન્ડર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવી જ્યારે વિકેટકીપર બેસ્ટમેન એલિસાને પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ પસંદ કરવામાં આવી હતી. એલિસાએ સૌથી વધારે ૨૨૫ રન બનાવી ચાર સ્ટંપિંગ અને ચાર કેચ કરી કુલ ૮ શિકાર બનાવ્યા હતા. ટૂર્નામેન્ટમાં સૌથી વધારે શિકારમાં બનાવાર ખેલાડી ભારતની તાનિયા ભાટીયા છે, જેણે બે કેચ કરી નલ સ્ટેપિંગ અને ૧૧ શિકાર કર્યા હતા.

ઓસ્ટ્રેલિયાને કોઈ પણ મહિલા વિશ્વકપમાં ચેમ્પિયનશીપના ફાઈનલમાં ઈંગ્લેન્ડની સામે હારનો સમનો કરવો પડ્યો નથી. અને તેનો રેકોર્ડ યથાવત રાખ્યો છે. ઈંગ્લેન્ડના આ ક્રમને તોડવા માટે હવે ૨૦૨૦સુધી રાહ જોવી પડશે. ૨૦૧૪માં પણ બાંગ્લાદેશમાં થયેલી ફાઈનલની જેવી જ મેચ થઈ હતી. આ ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડની ટીમ ૨૦ ઓવરમાં ૧૦૫ રન કરીને ૮ વિકેટ ગુમાવી હતી. ત્યારે ઓસ્ટ્રેલીયાએ ૧૫.૧ ઓવરમાં ચાર વિકેટના નુકશાને ૧૦૬ રન બનાવીને જીત મેળવી હતી.

મિતાલી રાજના વિવાદાસ્પદ મામલા પર સીઓએએ માંગ્યો જવાબ

મુંબઈ

મહિલા ટી-૨૦ વિશ્વકપ ૨૦૧૮ની સેમીફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ભારતીય મહિલા ટીમની સીનિયર બેટ્સમેન મિતાલી રાજને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું ન હતું. હવે આ મામલાએ વિવાદના મધપૂડાને છંછેડ્યો છે. તેને લઈ બીસીસીઆઈના વહીવટકર્તાઓની સમિતિ (સીઓએ)એ આ ટૂર્નામેન્ટ દરમિયાન તેમની ફિટનેસ રિપોર્ટ માંગી છે. તેના સિવાય સીઓએ પણ જાણવા માંગે છે કે, સેમીફાઈનલ પહેલા ટીમની પસંદગી માટે જે મિટિંગ થઈ હતી, તે મીડિયામાં લિક કેવી રીતે થઈ. સીઓએ એ આ માટે બીસીસીઆઈના બે સીનિયર અધિકારીઓને આડે હાથ લીધા હતા, જેમા રાહુલ જૌહરી સિવાય બોર્ડના ચીફ એક્સક્યૂટિવ ઓફિસર પણ સામેલ હતાં.

હવે ભારતીય મહિલા ટીમના કોચ રમેશ પોવાર અને મેનેજર તૃપ્તિ ભટ્ટાચાર્ય સાથે રાહુલ જૌહરી સોમવારે સીઓએ સાથે મળશે, જેમા તેઓ પોતાની રિપોર્ટ તેમને સોંપશે. આ રિપોર્ટમાં ટી-૨૦ વિશ્વકપમાં ભારતીય મહિલા ટીમના પ્રદર્શન વિશે સમગ્ર જાણકારી હશે. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સેમીફાઈનલ મેચમાં ભારતીય મહિલા ટીમની સૌથી સીનિયર બેટ્સમેન મિતાલી રાજને ડ્રોપ કરી દેવામાં આવી હતી અને આ મેચમાં ભારતને આઠ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમનો સ્કોર એક સમયે ૮૯ રન પર બે વિકેટ હતી પરંતુ તેના પછી સમગ્ર ટીમ ૧૧૨ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી.

આતંકી સંગઠન આઈએસએ હુમલો કરી અમેરિકા સમર્થિક ૪૭ સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા

બેરૂત

સીરિયાના પૂર્વ ભાગમાં છેલ્લા બે દિવસથી આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ તરફથી કરવામાં આવેલા હુમલામાં અમેરિકા સમર્થિત ૪૭ સૈનિકોના મોત થયાં. બ્રિટન સ્થિત નિગરાણી સંસ્થાએ આ જાણકારી આપી. સીરિયન ઓબ્ઝર્વેટ્રી ફોર હ્યુમન રાઈટ્સે પહેલા મૃતકોની સંખ્યા ૨૪ બતાવી હતી. નિગરાણી સંસ્થાએ જણાવ્યું કે જેહાદીઓએ ૩ હુમલા કર્યા છે.

બ્રિટનની સેનાના પ્રમુખ જનરલ માર્ક કાર્લટન-સ્મિથે કહ્યું કે બ્રિટનની રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં લેતા રશિયા, આતંકી સંગઠન આઈએસ કરતા પણ મોટો ખતરો બની ગયું છે. બીબીસીના એક રિપોર્ટ મુજબ જૂનમાં જનરલ સ્ટાફ પ્રમુખના પદ પર નિયુક્ત થયા બાદ પોતાના પહેલા ઈન્ટરવ્યુમાં જનરલ કાર્લટન સ્મિથે કહ્યું હતું કે નિર્વિવાદ રીતે રશિયા હવે અલ કાયદા અને આઈએસ જેવા ઈસ્લામી આતંકી સમૂહો કરતા પણ મોટો ખતરો બની ગયું છે.

તેમણે કહ્યું કે 'રશિયાએ પશ્ચિમી અતિસંવેદનશીલતાની શોધખોળ અને શોષણ કરવા માટે સુનિયોજિત પ્રયત્નો કર્યા છે. ખાસ કરીને સાઈબર, અંતરિક્ષ, દરિયાની અંદર યુદ્ધ અને બિનપરંપરાગત વિસ્તારોમાં.' સ્મિથે કહ્યું કે અમે રશિયા દ્વારા પેદા કરવામાં આવેલા જોખમને લઈને આત્મસંતુષ્ટ ન થઈ શકીએ અને ન તો તેને નિર્વિરોધ છોડી શકીએ.

સીરિયાના અલેપ્પોમાં વિદ્રોહીઓનો લોકો પર ક્લોરિન ગેસથી હુમલોઃ નવના મોત

અલેપ્પો

સીરિયાના અલેપ્પોમાં શનિવારે વિદ્રોહીઓએ સામાન્ય નાગરિકો પર ક્લોરિન ગેસ બોમ્બથી હુમલો કર્યો હતો. જેમાં ૯ લોકોનાં મોત થયા છે, અંદાજિત ૭૩ લોકોની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સીરિયન મીડિયા અનુસાર, ક્લોરિન ગેસની લપેટમાં આવવાથી અલેપ્પોમાં લોકોને શ્વાસ લેવામાં પણ તકલીફ થઈ રહી છે. અલેપ્પોના સ્વાસ્થ્ય વિભાગના પ્રમુખ જિયાદ હજ અનુસાર, શરૂઆતની તપાસમાં સામાન્ય લોકો પર ક્લોરિન ઉપયોગ કરવાની વાત સામે આવી છે. વિદ્રોહીઓએ ઉપયોગ કરેલા હથિયારોમાં ક્લોરિન ગેસ ભેળવીને હુમલો કરવામાં આવ્યો છે. ત્યાં સુધી કે મિસાઈલોમાં પણ ગેસનો ઉપયોગ થયો હોવાની વાત સામે આવી છે.

જો કે, હજુ દર્દીઓ પર ટેસ્ટ કરવાના બાકી છે. ત્યારબાદ જ સ્પષ્ટ થશે કે, હુમલાખોરોએ કઈ હદ સુધી પોતાની પાસે કેમિકલ એકઠું કરી લીધું છે.

આવતા મહિનાથી ટીવી-ફ્રિઝ જેવા ઈલેક્ટ્રિક ઉપકરણો મોંઘા થશે

ન્યુ દિલ્હી

જો તમે પણ નવા વર્ષમાં TV-ફ્રીઝ જેવા ઉપકરણોને બદલવાનું વિચારી રહ્યા છો તો તમને ઝટકો લાગી શકે છે. ટીવી અને ઘરેલુ ઉપકરણ આવતા મહીનાથી મોઘા થઈ જશે. કંપનીઓ તહેવારોની સિઝન પછી પોતાના પ્રોડક્ટના ભાવ વધારવાનું પ્લાનિંગ કરી રહ્યા છે.

ફેસ્ટીવ સેલમાં કંપનીઓ તેમના પર વધી રહેલ બોઝને ગ્રાહકો પર નાખવાના બદલે થોડા સમય માટે વહન કર્યો હતો. આની સીધી અસર કંપનીને નફા પર પડી હતી. ડૉલર સામે રૂપિયો ગગડવો તેમજ કસ્ટમ ડ્યૂટીમાં તોતીંગ વધારાના કારણે પ્રોડક્ટનો ખર્ચ વધ્યો.

પેનેસોનિક ઈન્ડીયાએ પોતાના પ્રોડક્ટના ભાવમાં ૭ ટકાનો વધારો કરવાની તૈયારી કરી છે. જ્યારે કેટલીક કંપનીઓ પહેલા કિંમતોમાં વધારો કરી ચુકી છે. પેનેસોનિક ઈન્ડીયાના અધ્યક્ષ અને સીઈઓ મનીષ શર્માએ જણાવ્યુ કે ગયા મહીને ડૉલર સામે રૂપિયામાં ઘટાડો થયો છે જેની સીધી અસર કંપનીના ખર્ચ પર પડી છે. આવતા મહીને માર્કેટની સ્થિતિને જોતા ભાવમાં પથી ૭ ટકાનો વધારો કરવો પડે તેમ છે. તો હાયર ઈન્ડીયાના અધ્યક્ષ એરિક બ્રગેંજાનું કહેવુ છે કે ભારતમાં તહેવારોની સિઝનની કિંમતોમાં વધારો થશે. ભારતમાં તહેવારોની સીઝનની શરૂઆત ઓણમની શરૂઆતથી શરૂ થાય છે. દશેરા પછી દિવાળી સાથે પૂર્ણ થાય છે. આ દરમિયાન ઉદ્યોગની કુલ વેચાણની કિંમતોમાં એક તૃતિયાંશ વેપાર તહેવારોમાં થાય છે. જો કે સોની જેવી કંપનીઓ હાલ ભાવમાં વધારો કરે તેવી કોઈ યોજના નથી. સોની ઈન્ડીયાના પ્રવક્તાએ કહ્યુ અમારી યોજના હાલ કોઈ કિંમત વધારવાની નથી.

લીબિયાની સેનાએ આઈએસના ૧૨ આતંકીઓને ઠાર કર્યા

ત્રિપોઈ

લીબિયાની સેનાએ એક સંયુક્ત અભિયાનમાં તાજેરબૂની નજીક આઈએસના ૧૨ આતંકવાદીઓને ઠાર કર્યા છે. કાર્યવાહીમાં આઈસિસના આતંકવાદીઓના વાહનોનો ખાત્મો કરવામાં આવ્યો છે અને હથિયારો તથા વિસ્ફટકો પણ જપ્ત કરવામાં આવ્યા છે. સેનાનું કહેવું છે કે સૈન્ય બટાલિયનની જોઈન્ટ ફોર્સિસ અને સુરક્ષાદળોએ તાજરેબૂમાં આતંકવાદીઓના ઠેકાણા પર હુમલો કર્યો હતો.

તાજેરબૂમાં જ શુક્રવારે ડઝનબંધ બંદૂકધારીઓએ પોલીસ સ્ટેશન અને સરકારી ઈમારતોને નિશાન બનાવીને હુમલો કર્યો હતો. જેમાં આઠ લોકો માર્યા ગયા હતા અને પંદરથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આતંકવાદીઓએ એક ડઝન જેટલા લોકોને બંધક પણ બનાવ્યા હતા. મહત્વપૂર્ણ છે કે મધ્ય-પૂર્વ એશિયામાં આઈસિસના આતંકવાદીઓનો મોટો પ્રભાવ છે.

બોલો.. ન્યૂઝીલેન્ડમાં ભૂકંપ બાદ બે ટાપુઓ એકબીજાની નજીક આવી ગયા..!!

વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડમાં બે વર્ષ અગાઉ આવેલા ભીષણ ભૂકંપ પછી બે મુખ્ય ટાપુઓ એકબીજાની નજીક આવી ગયા છે અને તેમાંથી એક ટાપુ પરનું શહેર ડૂબી પણ રહ્યું છે. ઉત્તર અને દક્ષિણ ટાપુઓ વચ્ચેનું અંતર માત્ર ૩૫ સેમી જેટલું જ રહ્યું છે. જ્યારે દક્ષિણ દ્વિપનું શહેર નેલ્સન ૨૦ મિલીમીટર જેટલું સમુદ્રમાં ડૂબ્યું છે.

નિષ્ણાંતોએ કહ્યું છે કે, દેશમાં ૧૪ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેના પછી બંને દ્વિપ અનેક મીટર નજીક આવી ગયા છે. જોકે કેપ કેમ્પબેલ કે જે સાઉથ આઈલેન્ડ પર સ્થિત છે અને નોર્થ આઈલેન્ડમાં સ્થિત વેલિંગ્ટન વચ્ચેનું અંતર હજુ પણ ૫૦ કિમીથી વધુ યથાવત્ રહ્યું છે.

વર્ષ ૨૦૧૬માં જ્યારે આ ભૂકંપ આવ્યો ત્યારે ઓછામાં ઓછી ૨૫ ફોલ્ટ લાઈન્સને અસર થઈ હતી. જેના વિશે અર્થક્વેક જિયોલોજિસ્ટ રોબ લેંગરિજે કહ્યું હતું કે આ દુનિયામાં અત્યાર સુધીમાં આવેલો સૌથી અટપટો ભૂકંપ હતો. અન્ય એક વિજ્ઞાની સિગરુન રીન્સડોટ્ટીરે કહ્યું હતું કે અનેક ફોલ્ટ સર્જાવાના કારણે એ નક્કી થઈ શક્તું નથી કે ભૂકંપ પછી કઈ ફોલ્ટ લાઈન પરથી પ્લેટ ખસી રહી છે.

વિજ્ઞાનીઓએ કહ્યું હતું કે સાઉથ આઈલેન્ડ પરના શહેર નેલ્સનને ભીષણ ભૂકંપની સારી એવી અસર થઈ છે અને તે ૨૦ મીમી જેટલું સમુદ્રમાં ડૂબ્યું છે. વિજ્ઞાનીઓએ કહ્યું હતું કે આ મોટું પ્રમાણ નથી પરંતુ તે સ્પષ્ટ જોઈ શકાય છે.

ઝારખંડમાં એક પરિવાર છ મહિનાથી મૃતદેહ સાથે રહેતો હતો..!!

ગિરીડિહ

ઝારખંડના ગિરિડીહમાં એક એવો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે કે જાણીને સ્તબ્ધ થઈ જવાય. હકીકતમાં ગિરિડીહની ઈન્દિરા કોલોનીમાં એક પરિવાર ૬ મહિનાથી મૃતદેહ સાથે રહેતો હતો. મૃતકના પુત્રનો દાવો હતો કે તે તેના પિતાને જીવિત કરી નાખશે. આથી મૃતદેહના અંતિમ સંસ્કાર પણ કરાયા નહતાં. મળતી માહિતી મુજબ મૃતક વિશ્વનાથ અને તેમની પુત્રી ટ્યૂશન કરતા હતાં.

તેમના ઘરે અનેક બાળકો ભણવા આવતા હતાં. બાળકો જ્યારે ઘરમાંથી દુર્ગંધ આવવાની વાત કરવા લાગ્યા તો મમતા અને બાકીના ઘરના સભ્યો સુગંધિત અગરબત્તી પ્રગટાવીને અથવા તો રૂમ ફ્રેશનર છાંટીને દુર્ગંધને દૂર કરતા હતાં. કહેવાયું કે જાન્યુઆરી મહિનામાં વિશ્વનાથની તબિયત ખરાબ થવાની જાણ થઈ હતી અને ત્યારબાદ કોઈએ વિશ્વનાથને જોયો નહતો. જ્યારે પણ આસપાસના લોકો વિશ્વનાથ અંગે પૂછતા તો ઘરવાળા કહેતા કે તેમની સારવાર ચેન્નાઈની હોસ્પિટલમાં થઈ રહી છે.

પાડોશીઓએ કહ્યું કે છેલ્લા કેટલાક મહિનાથી વિશ્વનાથના ઘરમાંથી સતત દુર્ગંધ આવતી હતી. વિશ્વનાથના ૩૫ વર્ષના પુત્ર પ્રશાંત સિંહાની પોલીસે આ મામલે ધરપકડ કરી લીધી છે. પ્રશાંતને લઈને લોકોમાં ખુબ ગુસ્સો હતો. લોકોનો આરોપ છે કે પ્રશાંત નરપિશાચ છે. કેટલાક લોકો પ્રશાંતને માનસિક દર્દી પણ ગણાવતા હતાં.

અનુએ એમ પણ કહ્યું કે બે દિવસ પહેલા જ મૃતદેહ લાવવામાં આવ્યો પરંતુ કોઈ અનુની વાત વાત પર વિશ્વાસ કરતું નથી. પોલીસ હાલ આ મામલે તપાસ કરી રહી છે.

એક પિતાએ પોતાની જ સગીર દીકરીની ફેસબુક પર કરી હરાજી!!

જમૈકા

એક વ્યક્તિએ પોતાની ૧૭ વર્ષની નાબાલિક દીકરીની દુલ્હન તરીકે બોલી લગાવડાવી. આ લીલામીને તેણે સોશિયલ નેટવર્કિંગ સાઈટ ફેસબુક પર પોસ્ટ કરી. આ બોલીમાં પાંચ લોકોએ ભાગ લીધો, જેમાંથી એક વિસ્તારના ડેપ્યૂટી જનરલ હતા. મળતી માહિતી અનુસાર, પોસ્ટ વાયરલ થયા બાદ માનવાધિકાર કાર્યકર્તાઓએ ફેસબુકની નિંદા કરી હતી. જણાવી દઈએ કે, આ ઘટના દક્ષિણ સૂડાનની છે. અહીં એક વ્યક્તિ જેની આઠ પત્નીઓ હતી, તેણે લીલામી જીતી અને છોકરીના પિતાને ૫૦૦ ગાય, ૨ લક્ઝરી કાર, ૨ બાઈક, ૧ બોટ, મોબાઈલ ફોન્સ અને ૧૦૦૦૦ ડૉલર કેસ આપ્યા હતા.

આફ્રિકન ફેમિનિઝમ (આફ્રિકાની મહિલાઓ માટે કામ કરતી સંસ્થા)એ એક ટ્વિટમાં કહ્યુ હતુ કે, દક્ષિણી સૂડાનની એક ૧૭ વર્ષીય છોકરીની ફેસબુક પર સૌથી વધુ બોલી લગાવનાર એક વેપારીને તે છોકરી લગ્ન માટે નવેમ્બરમાં વેચવામાં આવી છે. બોલી લગાવનારાઓમાં ૫ લોકો સામેલ હતા, જેમાં સૂડાનના એક વરિષ્ઠ સરકારી અધિકારી પણ હતા.

ફિલિપ્સ અન્યામંગ એનગોંગ નામના માનવાધિકાર વકિલે છોકરીની લીલામી રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેને તેમાં સફળતા મળી નહોતી. આથી, તેણે લોકોને આ મામલા પ્રત્યે અવાજ ઉઠાવવા માટે એક થવાનુ આહ્વાન કર્યુ છે. તેણે આ રીતે છોકરીની લીલામીને આધુનિક યુગની દાસ પ્રથા ગણાવી હતી.



છેલ્લાં બે દાયકામાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે આવેલી ક્રાંતિની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છેઃ કૃષિમંત્રી

વૈજ્ઞાનિક કૃષિ પદ્ધતિ અને સુધારેલા કૃષિ સંયંત્રોના ઉપયોગથી ઓછા ખર્ચે-ઓછી મહેનતે ખેડૂતોની આર્થિક ઉન્નતિના દ્વાર ખુલશેઃ આર.સી.ફળદુ

સુરતના આંગણે 'પશુ સંચાલિત કૃષિ ઓજારો, કૃષિની વર્તમાન સ્થિતિ, પડકારો અને ભાવિ' વિષય પર રાષ્ટ્રીય કક્ષાના બે દિવસીય પરિસંવાદનો પ્રારંભઃ સુરત ખાતે કૃષિમંત્રીના હસ્તે બે દિવસીય કૃષિ પરિસંવાદને ખૂલ્લો મૂકાયો

સુરત : રાજ્ય સરકારની કૃષિ નીતિ અને કૃષિ સંલગ્ન અનેક કલ્યાણકારી યોજનાઓના અમલથી નાના ખેડૂતો ખેત ઉત્પાદનમાં અગ્રેસર બન્યા છે. છેલ્લાં બે દાયકામાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે આવેલી ક્રાંતિની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ છે. રાજ્ય સરકારના સક્રિય પ્રયાસો અને ધરતીપુત્રોની મહેનતના કારણે વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિનો ઉપયોગ વધવાથી કૃષિ ઉત્પાદનમાં માતબર વધારો નોંધાયો છે. રાજ્ય સરકાર માત્ર રૂ.૯૦૦ ના ટોકન દરે ખેડૂતોને કૃષિલક્ષી સબસીડીયુક્ત કીટ આપીને સહાયરૂપ બની છે. વૈજ્ઞાનિક કૃષિ પદ્ધતિ, કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સંશોધિત બિયારણો અને સુધારેલા કૃષિ સંયંત્રોના ઉપયોગથી ઓછા ખર્ચે અને ઓછી મહેનતે વધુ ઉત્પાદન મેળવી રાષ્ટ્રીય ઉત્પાદનમાં વધારો કરવાની સાથે ખેડૂતોની આર્થિક ઉન્નતિના દ્વાર પણ ખુલશે.', એમ રાજયના કૃષિમંત્રી આર.સી.ફળદુએ 'માનવ અને પશુ સંચાલિત કૃષિ ઓજારો સહિત કૃષિની વર્તમાન સ્થિતિ, પડકારો અને ભાવિ' વિષય પર નર્મદ યુનિવર્સિટીના પરિસરમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદને ખૂલ્લો મૂકતાં જણાવ્યું હતું.

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ રૂરલ સ્ટડીઝ, ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ અને અક્ષય કૃષિ પરિવારના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના કમ્પ્યુટર સાયન્સ વિભાગના સભાખંડમાં ૨૪ અને ૨૫ નવે. દરમિયાન આયોજિત આ પરિસંવાદના અધ્યક્ષસ્થાનેથી કૃષિમંત્રી ફળદુએ વધુમાં જણાવ્યું કે, નાના સીમાંત ખેડૂતોના ભવિષ્ય માટે ચિંતા કરવાનો યુનિવર્સિટીનો સરાહનીય પ્રયાસ છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશનો વિશ્વની અન્ન જરૂરિયાતો પૂરી પાડવામાં મહત્વનો ફાળો છે. સંયુક્ત પરિવારનું વિભાજન થવાથી જમીન ટૂંકી થતી જાય છે. જમીનની વહેંચણી થવાથી ખેતીની જમીન ઘટી રહી છે. જેથી ટૂંકી જમીનમાં નાના ખેડૂતોને આધુનિક યંત્રો દ્વારા ખેતી કરવી પોષાય તેમ નથી. ઉપરાંત ગૌવંશ આધારિત કૃષિ ક્રમશઃ નામશેષ થઈ રહી હોવાથી પોષણક્ષમ કૃષિ પદ્ધતિ આશીર્વાદરૂપ બનશે એમ તેમણે કહ્યું હતું.

કૃષિ વૈજ્ઞાનિકો-તજજ્ઞોના માર્ગદર્શન મુજબ ખેડૂત ખેતી કરી વધારે અને ગુણવત્તાયુકત ખેત ઉત્પાદન તેમજ સારા પોષણક્ષમ ભાવ મેળવે એવો રાજ્ય સરકારનો અભિગમ છે એમ જણાવી શ્રી ફળદુએ વિવિધ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ક્લસ્ટર બનાવી આ પ્રકારના કૃષિલક્ષી સેમિનાર આયોજિત કરવા ખૂબ જરૂરી હોવાનો મત વ્યક્ત કર્યો હતો.

યુનિવર્સિટીના કુલપતિ ડો. શિવેન્દ્ર ગુપ્તાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, નાના અને સીમાંત ખેડૂતો માટે ટ્રેક્ટર સહિતના મોંઘા કૃષિ ઉપકરણોથી ખેતી કરવી ખૂબ કઠિન હોય છે. તેમના કૃષિ સંબંધિત કૌશલ્ય વિકાસ માટે સવિશેષ ધ્યાન આપવું એ સમયની માંગ છે. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિના અવસરે 'ચલે ગાંવ કી ઔર' સુત્રને સાર્થક કરી ગ્રામીણ અર્થતંત્રને ધબકતું કરવું જરૂરી છે. જેના વડે ગ્રામ્ય વિસ્તારોની આર્થિક ઉન્નતિનો માર્ગ ખૂલશે એમ ગુપ્તાએ ઉમેર્યું હતું.

કૃષિમંત્રીએ કૃષિ ઓજારોના પ્રદર્શનની મુલાકાત લઈને પ્રદર્શિત કૃષિ ઓજારોને રસપૂર્વક નિહાળ્યા હતા. આ વેળાએ 'કૃષિ વિકાસ અને સંશોધન' પુસ્તકનું મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરાયું હતું.

નોંધનીય છે કે, કૃષિ પરિસંવાદ દેશભરના ૪૦ વૈજ્ઞાનિક, ખેત અને કૃષિ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે કામ કરનારી સંસ્થાઓ અને ૩૦૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો છે.

આ પ્રસંગે અક્ષય કૃષિ પરિવારના સંયોજક ગજાનન ડાંગે, ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટના પ્રમુખ તુલસી માવાણી, સુરૂચિ ટ્રસ્ટ, બારડોલીના ડિરેક્ટર રામકુમાર, આર.એસ.એસ.ના અખિલ ભારતીય ગ્રામ વિકાસ શાખાના પ્રમુખ દિનેશજી, યશવંત ચૌધરી, ડિપાર્ટમેન્ટ રૂરલ સ્ટડીઝના હેડ વિપુલ સોમાણી, યુનિવર્સિટીના ઈ.રજિસ્ટ્રાર ધ્રુક સહિત મોટી સંખ્યામાં અન્ય રાજયના ડેલિગેટ્સ, કૃષિ સંશોધકો, વિદ્યાર્થીઓ, અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રિય કૃષિ મંત્રી રાધા મોહન સિંઘે સરદાર પટેલની વિરાટ પ્રતિમા ની મુલાકાત લીધી



કેન્દ્રિય મંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી, વેલી ઓફ ફ્લાવર્સ, ટેન્ટ સીટી, સરદાર સરોવર ડેમ, ભૂગર્ભ જળવિદ્યુત મથક સહિત સ્થળોની મુલાકાત લીધી

રાજપીપળા : કેન્દ્રિય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી રાધા મોહન સિંઘે આજે સવારે નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે સ્થાપિત સરદાર વલ્લભભાઇ પટેલના સરદાર સ્મારક-સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેને સંલગ્ન વોલ ઓફ યુનિટી, વેલી ઓફ ફ્લાવર્સ, ફુડ કોર્ટ, મેમોરીયલ વિઝીટર્સ સેન્ટર્સ, સરદાર સરોવર ડેમ વગેરે સહિતના વિવિધ આકર્ષણોની મુલાકાત લેવાની સાથે પરમ ધન્યતાનો ભાવ વ્યક્ત કર્યો હતો. તેમણે સરદાર સાહેબની વિરાટ પ્રતિમાના ચરણોમાં ભાવવંદના કરી હતી.

કેન્દ્રિય મંત્રી રાધા મોહન સિંઘે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સભાખંડમાં સરદાર સાહેબના જીવન અને કવનને વણી લેતી ફિલ્મ નિહાળી હતી. તેમણે ૪૫ માળની ઉંચાઇએ પ્રતિમાના હૃદય સ્થળેથી માતા નર્મદા અને વિંધ્યાચલ-સાતપુડાની ગિરીમાળાઓના દર્શન કર્યા હતા. કેન્દ્રિય કૃષિ મંત્રી સિંઘે જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનો હાલના વડાપ્રધાન એ ૨૦૧૩માં શિલાન્યાસ કર્યો હતો. સમગ્ર દેશમાંથી માટી અને ખેડૂતોના જે ખેત ઓજારનું લોખંડ એકત્ર કર્યું હતું તેમાંથી આજે ઉભી થયેલી આ વોલ ઓફ યુનિટી જીવંત ઉદાહરણ છે. સરદાર સાહેબના આદર્શોને મૂર્તિમંત કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પૂરી પ્રતિબદ્ધતાથી કરેલું સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનું કાર્ય સરદાર પટેલના આદર્શોનું દેશવાસીઓને નિશ્ચિતપણે સ્મરણ કરાવતું રહેશે. રાષ્ટ્રીય એકતા મજબૂત બનાવવામાં આ સ્મારક મહત્વપૂર્ણ સિદ્ધ થઇ રહ્યું છે. અહીં જે રીતે મોટી સંખ્યામાં લોકો આવી રહ્યાં છે તે રાષ્ટ્રીય એકતાની ભાવનાને ચોક્કસ મજબુત કરશે. સરદાર સાહેબનું સ્વપ્ન પુરૂં કરવા વડાપ્રધાને સેવેલું સ્વપ્ન તેમના આદર્શોનું સૌથી મોટું તીર્થ સ્થળ બની ગયું છે.

આ મુલાકાત દરમિયાન નર્મદા નિગમના નાયબ કાર્યપાલક ઇજનેર બ્રહ્મભટ્ટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર પ્રોજેક્ટ તેમજ સરદાર સરોવર બંધની વિશ્વકક્ષાની ઇજનેરી કરામત જેવી તાંત્રિક અને ઇજનેરી વિશેષતાઓની જાણકારી મંત્રીને આપી હતી.

કેન્દ્રિય કૃષિ મંત્રી સિંઘે સરદાર સરોવર બંધના ટોપ પર જઇને સરદાર સરોવરના જળ ભંડાર, સંગ્રહ ક્ષમતાની અને મુખ્ય નહેરના માધ્યમથી નર્મદા જળની ગુજરાતમાં અને રાજસ્થાન સુધી વિતરણ વ્યવસ્થાની જાણકારી સાથે ભૂગર્ભ જળ વિદ્યુત મથકની મુલાકાત લઇને નર્મદા યોજના હેઠળ જળ વિદ્યુત ઉત્પાદનની ક્ષમતા અને તેના વિતરણ વ્યવસ્થાની જાણકારી મેળવવા ઉપરાંત ટેન્ટ સીટીની પણ તેમણે મુલાકાત લીધી હતી. કેન્દ્રિય મંત્રી સિંઘે રાજપીપલા નજીક કેળના પાકમાંથી મૂલ્યવર્ધન સાથે કાચા કેળાની વેફર્સ બનાવવાના કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી અને રોજગારી મેળવતા બહેનો-ભાઇઓ સાથે વિચારવિમર્શ કર્યો હતો. મંત્રીએ પ્રસિધ્ધ નિલકંઠ-તિર્થ-યાત્રાધામ પોઇચા ખાતે દર્શન–પૂજા-અર્ચના પણ કર્યા હતા.

સ્પા માલિક બન્યો શૈતાન : દુષ્કર્મ આચરી કહ્યું,ગ્રાહકો સાથે સંબંધ બાંધ

અમદાવાદ

અમદાવાદમાં યુવતીને મેનેજર તરીકે નોકરી પર રાખીને લગ્નની લાલચ આપીને કેરાલાના યુવકે અનેક વાર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના બની હતી. એટલું જ નહીં સ્પામાં આવતા વિવિધ ગ્રાહકો સાથે પણ સંબંધ બાંધવા માટે આગ્રહ કરતો હતો. આ અંગે યુવતીએ એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી હતી.

મળતી માહિતી પ્રમાણે આનંદુ જે.એસ. જે મૂળ કેરાળાનો વતની છે. જે ૨૦૪ સત્યા ફ્લેટ ચંદન મેડિકલની બાજુમાં આબાંવાડી, અમદાવાદમાં રહે છે. તે પ્રિતમનગરમાં આવેલા કોઠાવાલા પાસે ગ્રંધ્યા સ્પા ધરાવે છે. આરોપી આનંદુએ પોતાના સ્પા માટે ગાંધીનગરમાં રહેતી યુવતીને મેનેજર તરીકે નોકરી આપી હતી. પીડિતાની ફરિયાદ પ્રમાણે તેણે મેનેજર તરીકે નોકરી કરવાનું શરૂ કર્યા બાદ આનંદુ તેણીની સાથે મીઠીમીઠી વાતો કરીને પ્રેમ સંબંધ બાંધ્યો હતો. પ્રેમ સંબંધ થયા બાદ આનંદુએ પોતાના માતા-પિતાને લગ્ન કરી લીધા હોવાની જાણ કરી પત્ની સાથે વતન આવવાની જાણ કરી હતી.

બીજી તરફ પીડિતાએ પણ પોતાની માતા-પિતાને જાણ કરીને આનંદુ સાથે કેરાલા ગઈ હતી. આનંદુના વિશ્વાસમાં રહીને પીડિતાએ તેની પત્ની તરીકે વર્તી હતી. કેરાળામાં બે માળના મકાનમાં આનંદુએ નીચે રહેલા બેડરૂમમાં પીડિતા સાથે મરજી વિરુદ્ધ કૃત્ય આચર્યું હતું. ત્યારબાદ કેરાલામાં અલગ અલગ જગ્યાએ ફરવા ગયા હતા. જયાં પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

ફરિયાદ પ્રમાણે આનંદુએ પીડિતાને કહ્યું કે તામે મારી પત્ની તરીકે રહેવું હશે તો તારે હું કહું એમ કરવું પડશે. તેણે વધુમાં કહ્યું હતું કે, હું મારા ઘરના લોકોને કહી દઈશ મારી પત્ની અકસ્માતમાં મરણ ગઈ છે. ત્યારે બંને વચ્ચે ઝઘડો થયો હતો. બીજા દિવસે વહેલી સવારે પીડિતા પોતાનો સામાન લઈને માતા-પિતાના ઘરે જતી રહી હતી.

સુરતમાં ફર્નિચરની દુકાનમાં તસ્કરોનો આતંક : ૪૦ હજારની ચોરી કરી રફૂચક્કર

સુરત

સુરતમાં ચોરીના બનાવો દિવસેને દિવસે વધતા જાય છે. ચોરી કરતા ચોર સીસીટીવી ફૂટેજમાં પણ રંગે હાથે ઝડપાતા હોય છે. આવો જ એક સીસીટીવી ફૂટેજ સુરતના કતારગામ વિસ્તારમાંથી પ્રકાશમાં આવ્યો છે. સુરતના કતારગામ વિસ્તારમાં રાશિ સર્કલ પાસે આવેલી ફર્નિચરની દુકાનનું શટર તોડીને ૪૦ હજારની ચોરી કરીને ચોર ફરાર થઈ ગયો હતો. જોકે, ચોરની આ કરતૂત સીસીટીવીમાં ઝડપાઈ ગઈ હતી.

સીસીટીવીમાં દેખાય છે એમ એક યુવક દુકાનની અંદર પ્રવેશે છે. અને દુકાનની અંદર રહેલા ટેબલના ડ્રોવરો તપાસે છે. ત્યારબાદ ડ્રોવરમાં રાખેલા રોકડા રૂપિયા લઈન ખિસ્સામાં મુકે છે. ડ્રોવરમાં વધારે તપાસ કરતા તેને રૂપિયાનું બંડલ પણ હાથ લાગે છે. રૂપિયાનું બંડલ પણ તે ખિસ્સામાં મુકે છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે રાશિ સર્કલ પાસે આવેલા પરિધાન ફર્નિચરની દુકાનને નિશાન બની હતી. આ દુકાનમાંથી ૪૦ હજારની ચોરી કરી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





કોંગ્રેસના નવા વરાયેલા હોદ્દેદારોનું સન્માન સમારોહ યોજયો



ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના દ્વારા નવા નિમાયેલા હોદ્દેદારોનો શનિવારના રોજ જિલ્લા પંચાયત રેસ્ટ હાઉસ ખાતે સન્માન સમારંભ યોજાયો હતો. આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈને ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિના સિનિયર આગેવાન દિલાવર પટેલની જિલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમજ ઈલ્યાસ પટેલ સરપંચ દહેગામવાળાની જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે ઈબ્રાહીમ બાજીની જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે તેમજ સાજીદ હાફેજી દયાદરાવાળાના સંગઠનના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે.

શુક્રવારના રોજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સલીમ નવેઠા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો.જેમાં જિલ્લા પંચાયત સભ્ય શકીલ અકજી અસીમ પાદરવાળા તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

ભરૂચ તાલુકાના ઝણોર જીઆઈડીસી માંથી ૬ ફુટ લાંબો અજગર ઝડપાયો



ભરૂચના ઝણોર ગામ ખાતે જી.આઇ.ડી.સીના વોટર સપ્લાય પ્લાન્ટમાં એકાએક અજગરે દેખા દેતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો.જો કે જીવદયા પ્રેમી અને વનવિભાગને જાણ કરાતા અજગરને ઝડપી લેતા ગ્રામજનો એ રાહતનો શ્વાસ લીધો હતો.

ભરૂચના ઝણોર જીઆઈડીસીના વોટર સપ્લાય પ્લાન્ટમાં અજગર દેખા દીધી હતી.એકાએક અજગર દેખાતા સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો.અજગર હોવાની જાણ સ્થાનિકે વન વિભાગને કરી હતી.પ્લાન્ટમાં અજગર દેખાયાની જાણ થતાં જ વનવિભાગ અને જીવદયાપ્રેમીના કર્મીઓ સંજય પટેલ, સુનિલ પરમાર,શૈલેષ સોલંકી અને વનવિભાગના અસલમ નિયાકતે ભારે જહેમત ઉઠાવી તાત્કાલિક વોટર સપ્લાય પ્લાન્ટ ઉપર પહોંચી જઈ રેસ્ક્યુ કરીને અજગરને પકડી લીધો હતો.

ઝડપાયેલો અજગર આશરે ૧૦ કીલો વજન ધરાવતો તેમજ ૬ ફૂટ લાંબો હતો.અજગરને પકડી તેને નીલકંઠ નર્સરી લાવી વન વિભાગના આર.એફ.ઓ એ.એલ.પટેલના માર્ગદર્શન હેઠળ તેને પુનઃ જંગલમાં છોડવાની દ્વારા કવાયત હાથ ધરી હતી.

ભલાઈની દીવાલ પર કોઈ અસામાજિક તત્વોએ આગ લગાડતા કપડાં બળીને ખાખ



ભરૂચનાં ઝાડેશ્વર તળાવ નજીક આવેલા સાઈ મંદિર પાસે કોઈ પણ ગરીબ ઠંડીમાં ઠુંઠવાતો ન રહે તેમજ તેના શરીરે કપડાં રહે તથા ભરૂચમાં વસતા લોકોને ઉપયોગમાં આવતી ના હોય તેવી ચીજવસ્તુથી અન્ય કોઈના કામમાં આવે સાથે સાથે તે મેળવવા માટે કોઈ ગરીબને લાઈનમાં ઉભા રહેવું ના પડે અને વગર કોઈ રોકટોક પોતાને જરૂરી એવા કપડા કે ચીજ વસ્તુ લઈ શકે તેવા શુભ આશયથી ભરૂચના ઝાડેશ્વરમાં ભલાઈની દિવાલ બનાવવામાં આવી છે.

પરંતુ તા.૨૩મીની રાત્રે ભલાઈની દીવાલ પાસે મુકેલા ગરીબો માટેના કપડાંને કોઈ ટીળખખોર તત્વો દ્વારા આગચંપી કરી સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જેનાથી આ દિવાલ પાસે મુકેલા તમામ કપડાં સળગી ગયા હતા. સવારે અહીંથી પસાર થતા કેટલાંક લોકોનું ધ્યાન જતાં આ બાબત સામે આવી હતી.જે ખરેખર નીંદનીય છે.

રાજપીપળા ના એક ટ્યુશન ક્લાસ માં અભ્યાસ કરતી યુવતીનો લગ્નની લાલચે બળાત્કાર

રાજપીપળા ના ટ્યુશન ક્લાસ માં અભ્યાસ માટે જતી યુવી ને લગ્ન ની લાલચે અલગ અલગ જગ્યા એ લઈ જઈ ચાર વર્ષ સુધી બળાત્કાર કરનાર યુવાન વિરુદ્ધ ફરિયાદ થતા બળાત્કાર નો ગુનો દાખલ

રાજપીપળા : રાજપીપળા હાઉસિંગ બોર્ડ નજીક માં રહેતી એક ૧૯ વર્ષીય યુવતી ચાર વર્ષ પેહલા દરબાર રોડ નજીક આવેલા એક ટ્યુશન ક્લાસ માં અભ્યાસ માટે જતી હોય તારીખ ૨૮-૮-૧૪ ની સવારે લઘભગ છ વાગે એ ટ્યુશને જતા યુવતીના ઘર નજીકના જીન કમ્પાઉન્ડ માં રહેતો પ્રકાશ નગીનભાઈ રાણા નામનો યુવક રાહ જોઈ ટ્યુશન નજીક ઉભો હતો યુવતી ત્યાં આવતાજ એ યુવતીને લઈ ક્લાસ માં મુકવા ગયો પરંતુ એ દિવસે ક્લાસ બંધ હોય યુવક તેને લઈ સરકારી ઓવરા તરફ બાઈક પર આંટો મારવા લઈ ગયેલ જેથી યુવતી એ ઘરે જવાનુ કહ્યું છતાં યુવક તેને ઓવરા નજીક ના એક ખેતર માં લઈ ગયો ત્યાં જઈ બળજબરી કરતા યુવતી એ ના પાડતા યુવકે લગ્નની લાલચ આપી યુવતીને પટાવી ત્યાંજ બળાત્કાર કર્યો ત્યારબાદ લગ્ન ની લાલચે વારંવાર અલગ અલગ જગ્યા પર બળાત્કાર કયા બાદ એક દિવસ સમારીયા ગામે રહેતા યુવક ના ભાઈ ને ત્યાં લઈ જઈ ત્યાં પણ બળાત્કાર કર્યો આમ અત્યાર સુધી વારંવાર બળાત્કાર કર્યા બાદ હવે લગ્ન કરવાની ના પાડી અને આ વાત કોઈને કહી તો જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હોવાનું ભોગ બનનાર યુવતી એ પોલીસ ફરિયાદ માં જણાવતા રાજપીપળા પોલીસે યુવક પ્રકાશ રાણા વિરુદ્ધ બળાત્કાર નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે યુવકે લગ્ન ની ના પાડી દગો કરતા ચાર વર્ષ બાદ પોલીસ માં ફરિયાદ આપી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું .

વારંવાર સન્માન મેળવનાર નિર્ભયા સ્કોડ કડક પગલા લે એ જરૂરી છે

રાજપીપળા માં ચાલતા અમુક ટ્યુશન ક્લાસો માં અભ્યાસ માટે આવતા બાળકો લાઇસન્સ ની ઉંમર ન હોવા છતાં બાઈકો લઈ રખડપટ્ટી કરવા આવે છે અને અકસ્માતો સહીત આવી ઘટના ને અંજામ અપાય ત્યારે શહેર ના ટ્યુશન ક્લાસો કે સ્કૂલો પર પોલીસે તપાસ કરી કડક પગલાં લેવા જરૂરી છે સાથે વાલીયો એ પણ પોતાના બાળકો ને વાહન આપતા પેહલા વિચારવું રહ્યું વારંવાર સન્માન મેળવનાર નિર્ભયા સ્કોડ ની ટીમે પણ આ બાબત ને ગંભીરતા પૂર્વક લઈ ફક્ત શાળા માં નહીં બલ્કે ટ્યુશન ક્લાસો સહિતની અન્ય જગ્યાઓ પર કામગીરી કરવી જોઈએ એમ લાગી રહ્યું છે.

ગુજરાત એટીએસ ની ટીમે ૨૦૦૭ ના અજમેર બ્લાસ્ટના મુખ્ય આરોપી સુરેશ નાયરની ભરૂચથી અટકાયત કરી

અજમેર બ્લાસ્ટમાં મુખ્ય સૂત્રધારની ધરપકડ કરવામાં આવી છે. ૨૦૦૭માં અજમેર દરગાહમાં એક બોમ્બ મુકવામાં આવ્યો હતો જેના વિસ્ફોટ થતા ૩ લોકોના મોત થયા હતા. આ બ્લાસ્ટના વોન્ટેડ આરોપી સુરેશ નાયરની ATS દ્વારા ધરપકડ કરવામાં આવી છે.



અગાઉ ૧૧ ઓક્ટોબર, ૨૦૦૭ના રોજ બોમ્બબ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં ૩ લોકોના મોત થયા હતા, તો ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. માર્ચ, ૨૦૧૭માં સ્પેશિયલ ટ્રેંછ કોર્ટે આપેલ ચુકાદામાં દેવેન્દ્ર ગુમા, ભાવેશ પટેલ સહિત ત્રણને દોષી કરાર અપાયો હતો. બન્ને દોષિતોને આજીવન કેદની સજા ફટકારાઈ હતી. ઉપરાંત સ્વામી અસીમાનંદ સહિત ૭ લોકો નિર્દોષ મુક્ત થયા હતાં.જયારે સુરેશ નાયર સહિત ૩ આરોપી ફરાર હતા. જેમાંથી સુરેશ નાયર હાલ ઝડપાયો છે.

ATS ગુજરાતના અધિકારીઓને બાતમી મળી હતી કે સુરેશ નાયર આગામી દિવસોમાં ભરૂચ પાસે શુક્લતીર્થની ખાતે નર્મદા પરિક્રમા કરતો આવવાનો છે. આ બાતમીના આધારે તે જગ્યાએ લાંબા ગાળાની વોચ ગોઠવવામાં આવી હતી. છૂજીની એક ટીમ દ્વારા સુરેશ નાયને તેના શુકલતીર્થમાં આગમન સમયે જ ઓળખી કાઢી તેની ધરપકડ કરવામાં આવી હતી. સુરેશ નાયરને હાલ અમદાવાદ ખાતે આગળની પુછપરછ માટે લાવવામાં આવ્યો છે. તથા તેને આગામી દિવસોમાં એન.આઈ. એ.ને સોંપવામાં આવશે. તેની ધરપકડ પર એન.આઈ.એ.દ્વારા રૂપિયા બે લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી આવતીકાલે મુંબઈમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ સંદર્ભમાં રોડ શો યોજશે

દિવસ દરમ્યાન ૧૫થી વધુ બિઝનેસ લીડર્સ તેમજ અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે મુખ્યમંત્રી વન ટુ વન બેઠક પણ યોજશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલે સોમવારે ૨૬ નવેમ્બરના મુંબઈમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ સંદર્ભમાં રોડ શો યોજશે. મુખ્યમંત્રી સોમવારે દિવસ દરમ્યાન ૧૫ થી વધુ બિઝનેસ લીડર્સ તેમજ અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે વન ટુ વન બેઠક પણ યોજશે. સોમવારે સવારે ૧૧ વાગ્યે મુંબઈની ટ્રાઈડેન્ટ હોટલ ખાતે યોજાનારા રોડ શો માં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ની વિશેષતાઓ તેમજ ગુજરાતની વિવિધ સિદ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ તેઓ કરવાના છે.

મુખ્યમંત્રી અને ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે મુંબઈમાં ૨૦ જેટલા દેશોના કોન્સયુલેટ જનરલની ભોજન બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી સાથે રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ તેમજ ઉદ્યોગ નાણાં સહિતના વિભાગના વરિષ્ઠ સચિવો પણ જોડાવાના છે.

મુખ્યમંત્રી સોમવારે મોડી સાંજે ગાંધીનગર પરત આવશે. આ પ્રવાસ દરમિયાન વિજયભાઈ રૂપાણી મુંબઈ વસતા કચ્છી સમાજના વેપાર ઉદ્યોગકારો સાથે પણ બેઠક યોજવાના છે અને કચ્છમાં સર્જાયેલી અછતની સ્થિતિના મુકાબલા માટે રાજ્ય સરકારના આયોજનની જાણકારી આપવાના છે.

અમદાવાદમાં નકલી દારૂ બનાવવાનું કૌભાંડ ઝડપાયું,બેની ધરપકડ

અમદાવાદ

અમદાવાદના નવા વાડજમાં નકલી દારૂ બનાવવાનું કૌભાંડ ઝડપાયું છે. તેમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઘટના સ્થળથી ૯૩ બોટલ દારૂ, વિદેશી દારૂની બ્રાન્ડના લેબલ, પેકિંગ માટે બોક્સ અને ઠંડા પીણાંની બોટલો મળી આવી હતી. વાડજ પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદના નવા વાડજમાં આવેલા રામાપીરના ટેકરા પાસે આવેલા સિદ્ધિ એપાર્ટમેન્ટના ચોથા માળે એ/૧૩માં બનાવટી દારૂ બનાવવાનું કૌભાડ ચલાવાતુ હતું. આ કૌભાંડમાં વિક્કી ઉર્ફે ખલી (૩.વ.૨૪) અને મનદીપ કનુભાઈ ભાવસાર (૩.વ.૩૨) આ કામ કરતા ઝડપાયા છે. તેઓ ઓછી ગુણવત્તાના દારૂમાં ભેળસેળ કરીને વિદેશી દારૂ બનાવીને એક બોટલ બેથી પાંચ હજારમાં વેચતા હતા. આરોપી વિક્કીનું નામ પહેલા પણ પોલીસના ચોપડે લખાયેલુ છે. પહેલા તેની પર પાસા લાગેલી હતી. તે આ ફ્લેટમાં માત્ર દારૂનો ધંધો જ કરતો હતો. પરિવાર સાથે કુબેરનગરમાં રહે છે. આ બંન્ને નકલી દારૂ બનાવીને બ્રાન્ડેડ દારૂની બોટલોમાં નવા સ્ટિકરો લગાવીને વેચતા હતાં.





